કઈ રીતે કરશો સંજોગ ન્યુઝની એપ્લેકેશન ડાઉનલોડ ?
સૌ પ્રથમ GET IT ON Google Play માં જઈને
SANJOG NEWS સર્ચ કરવુ
ત્યારબાદ INSTALL નું બટન દબાવવું
અથવા www.sanjognews.net સર્ચ કરો
ગણતરીની સેકન્ડોમાં સંજોગ ન્યુઝની એપ્લીકેશન તમારા મોબાઈલમાં ડાઉનલોડ થઈ જશે


# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2021-2023


Year - 6 | Issue- 291 | AD-2023, Shravan Sud- 06 | Monday Dt. 24-07-2023 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00


### ત્રીજા રાઉન્ડમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું, રાજયના ૧૪૨ તાલુકામાં વરસાદ

# સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ

રાજકોટ, તા.૨૩

ગુજરાતમાં ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે વરસાદના ત્રીજા રાઉન્ડમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે. શનિવારે જૂનાગઢ જિલ્લામાં મેઘકહેરના કારણે ભારે તારાજીના દ્રશ્યો જોવા મળ્યા હતા. ગઈકાલે રાજ્યના ૨૪૬ તાલુકામાં વરસાદ વરસ્યા બાદ આજે વહેલી સવારથી જ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના જિલ્લામાં મેઘરાજાની ધમાકેદાર બેટિંગ ચાલુ છે. રાજ્યના ૧૪૨ તાલુકામાં વરસાદ નોંધાઈ ચૂક્યો છે. રાજ્યના ૩૯ તાલુકાઓમાં એક ઈંચ કે તેથી વધુ વરસાદ વરસી ચૂક્યો છે. જેમાં સૌથી વધુ ભાવનગરમાં ભારે વરસાદ વરસ્યો છે. સુરત, ભરૂચ, અમરેલી, સુરેન્દ્રનગર, રાજકોટ, જામનગરમાં ભારે વરસાદના કારણે રસ્તાઓ પર પાણી ભરાયેલા જોવા મળ્યા હતા. હવામાન વિભાગે આજે ભારેથી અતિભારે વરસાદની આગાહી વચ્ચે દેવભૂમિ દ્વારકા, રાજકોટ, ભાવનગર અને વલસાડમાં રેડ એલર્ટ આપ્યું છે. રાજકોટ જિલ્લામાં વરસી રહેલા ધોધમાર વરસાદના કારણે ગ્રામ્ય વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ગોંડલ-આટકોટ



હાઈવે ભારે વરસાદના કારણે બંધ થયો છે. તો મોટાદડવા ગામ સહિત આજુબાજુના તમામ પંથકમાં રાત્રીના ત્રણ વાગ્યાથી વરસાદ વરસતા બળધોઈ ગામમાં ઈક્કો ગાડી પાણીમાં તણાઈ જવા પામી હતી. કોટડા સાંગાણીના વાદીપરા ગામે નદીમાં ઘોડાપૂર આવતા સીમ વિસ્તારના ૧૫ લોકો ફસાયા છે. નદીના પૂરથી બચવા ૧૫ લોકોએ વૃક્ષ પર આશરો લઈને જીવ બચાવ્યો હતો. રાજકોટ જિલ્લામાં વરસી રહેલો વરસાદ લોકો માટે ખુશીના સમાચાર લાવ્યો છે. આજી-૧ અને ન્યારી ડેમ ઓવરફ્લો થઈ ગયા છે. જ્યારે ભાદર ડેમ ઓવરફ્લો થવામાં હવે ૩ ફૂટ જ બાકી છે. ભાવનગરમાં પાંચ દિવસની આગાહીના પગલે વહેલી સવારથી જ વરસાદી માહોલ સર્જાયો છે. સવારથી જ ગાજવીજ સાથે ધોધમાર વરસાદનું આગમન થયું હતું અને શહેરના મોટાભાગના રોડ પર પાણી ફરી વળ્યું હતું. ભાવનગર શહેરના મોટા ભાગના રસ્તાઓ પર પાણી ફરી વળ્યાં હતા.

## પૂર ઓસર્યા બાદ જૂનાગઢમાં તબાહીના દૃશ્યો સામે આવ્યા

જૂનાગઢ, તા.૨૩



કુદરતના કહેર સામે જૂનાગઢવાસીઓ લાચાર જોવા મળી રહ્યા છે. લોકોના હાલ બેહાલ થયા છે. આજે પૂરનાં પાણી ઓસર્યા બાદ તબાહીના દ્રશ્યો જોવા મળી રહ્યા છે. એક બાજુ શહેરના અનેક વિસ્તારોમાં લોકોના ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી જતાં મોટું નુકસાન થયું છે. સવારથી જ લોકો અને દુકાનદારો ઘર, દુકાનમાંથી પાણીને ઉલેચી રહ્યા છે. તો બીજી બાજુ શહેરમાં તણાયેલી કારોના ખડકલા જોવા મળી રહ્યા છે. આપને જણાવી દઈએ કે, ગઈકાલે જૂનાગઢમાં પાણીના ધસમસતા પ્રવાહમાં અનેક વાહનો તણાયા હતા. જૂનાગઢવાસીઓને ૨૪ જુલાઈ રાત્રિના ૧૨ વાગ્યા સુધી બિનજરૂરી રીતે બહાર નીકળવા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. જિલ્લા કલેક્ટર દ્વારા જૂનાગઢ શહેર તેમજ જિલ્લામાં કલમ ૧૪૪ હેઠળ જાહેરનામું પ્રસિદ્ધ કરાયું છે. જૂનાગઢના મોતીબાગ સર્કલ પરના વરસાદના પાણીના કારણે રસ્તાની હાલત કફોડી બની છે. મોતીબાગ સર્કલના રસ્તાનો ડામર નીકળતા રસ્તો બિસ્માર બન્યો છે. મોતીબાગ સર્કલના રસ્તા પરથી પસાર થતાં વાહનોને ભારે નુકસાન થઈ રહ્યું છે.

# દિલ્હીમાં પૂરનું સંકટ : યમુનાનું જળસ્તર વધવાથી દિલ્હીવાસીઓની ચિંતા વધી

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૩



રાજધાની દિલ્હીમાં પૂરથી રાહત મળવાની શરૂઆત જ થઈ હતી, ત્યારે યમુનામાં જળસ્તર વધવાથી લોકોની ચિંતા વધી ગઈ છે. યમુનામાં હથિની કુંડ બેરેજમાંથી પાણી છોડાયા બાદ દિલ્હીમાં યમુનાનું જળસ્તર ખતરાના નિશાનથી ઉપર પહોંચી ગયું છે. રવિવારે યમુનામાં હથિની કુંડ બેરેજમાંથી લગભગ ૨ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવ્યા બાદ તેનું જળ સ્તર ખતરાના નિશાનથી ઉપર પહોંચી ગયું છે.

પાણી છોડવાના કારણે દિલ્હીમાં યમુનાનું જળસ્તર રવિવારે ૨૦૬ મીટરને પાર કરી ગયું હતું. રાજધાનીમાં સવારે ૯ વાગ્યાની આસપાસ યમુનાનું જળસ્તર ૨૦૫.૯૬ નોંધાયું હતું. પરંતુ, બે કલાકમાં એટલે કે સવારે ૧૧ વાગ્યાની આસપાસ પાણીનું સ્તર વધીને ૨૦૬.૦૮ મીટર થઈ ગયું છે. પાણીના સ્તરમાં હજુ વધારો થાય તેવી શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી રહી છે. યમુના અને તેની આસપાસના વિસ્તારોમાં ફરી મુશ્કેલીના વાદળો ઘેરાવા લાગ્યા છે. જ્યારે દિલ્હીમાં યમુનાનું જળ સ્તર ખતરાના નિશાનથી ઉપર પહોંચે છે, ત્યારે રાજધાનીમાં ફરી પૂરની શક્યતાઓ છે.

# મહારાષ્ટ્રના ઈરસાલવાડીમાં ભૂસ્ખલનથી ૨૭ લોકોના મોત, ૭૮ લોકો ગુમ, કલમ ૧૪૪ લાગુ

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૩



મહારાષ્ટ્રના રાયગઢ જિલ્લાનું એક ગામ કબ્રસ્તાન બની ગયું છે. વરસાદ અને ભૂસ્ખલનથી પ્રભાવિત ઈરસાલવાડી ગામમાં માત્ર ત્રણ દિવસમાં ૨૭ લોકોના મૃતદેહ મળી આવ્યા છે. ત્રીજા દિવસે એટલે કે શનિવારે રાયગઢ જિલ્લા પ્રશાસને સત્તાવાર રીતે માહિતી આપી છે કે ૭૮ લોકો હજુ પણ ગુમ છે. એટલે કે ૭૮ લોકો હજુ પણ કાટમાળ નીચે દટાયેલા છે. આવી સ્થિતિમાં સ્પષ્ટ છે કે જો હવામાનની સ્થિતિ એવી જ રહેશે તો આગામી એક સપ્તાહ સુધી બચાવકાર્ય ચાલુ રહેશે.

તમને જણાવી દઈએ કે આવતીકાલે ફરીથી આ ૭૮ લોકોની શોધ શરૂ કરવામાં આવશે. એનડીઆરએફનું કહેવું છે કે શોધ ચાલુ રાખવી કે નહીં, તે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા નક્કી કરવામાં આવશે. NDRFની ચાર ટીમોએ ત્રણ દિવસથી ધામા નાખ્યા છે. જોકે જે લોકોના મૃતદેહ મળી રહ્યા છે, તેઓને અત્યાર સુધી સામૂહિક રીતે દફનાવવામાં આવ્યા છે. તે જ સમયે, બહારના લોકો, પ્રવાસીઓ સહિત દરેક માટે પ્રવેશ પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો છે. માત્ર એજન્સીઓ સાથે સંકળાયેલા લોકો જ ઈરસાલવાડીમાં પ્રવેશી શકશે. વારંવાર ભૂસ્ખલનને કારણે આ નિર્ણય લેવામાં આવ્યો છે. સાથે જ કલમ ૧૪૪ પણ લાગુ કરવામાં આવી છે.



M-SAND
વધારશે મજબૂતી
સજજાદભાઈ
૯૯૧૯૭ ૪૦૨૫૨
જય ભારત
મુસ્તફાભાઈ
૯૪૨૮૯ ૬૮૦૯૨
મશીન સેન્ડ (રેતી)
સ્ટોન ક્શડ મેટલ, કપચી, છઆની, ગ્રીટ પાવડર,
40 MM, 20 MM, 10 MM 6 MM, STONE DUST
નદીની રેતીમાં ૫૦% ઠાઠડ તથા માટી નો કાપ હોઈ છે.
મશીન ની પથ્થર માંથી બનાવેલ રેતીને ચાળવાની જરૂર નથી. તેમજ વેસ્ટેજ પડતુ નથી.
ડાયરેક્ટ ઉપયોગ ચણતર પ્લાસ્ટર આર.સી.સી કામમાં વાપરી શકાય છે.
નદીની રેતી કરતા મશીનની રેતીમાં મજબુતાઈ વધારે છે. સરકાર માન્ય છે.
નદીની રેતી કરતા મશીનની રેતીમાં સીમેન્ટ નું પુરૂ વળતર મળે છે.
H&D MASOYA -9426971764
રાજકોટ - ભાવનગર હાઈ - વે, મું. ઉંટવડ, તા. બાબરા, જી. અમરેલી,


### ભારે વરસાદના કારણે કેદારનાથ યાત્રા પણ રોકી દેવામાં આવી

# ઉત્તરકાશીમાં આભ ફાટયું : રોડ-રસ્તા બંધ

(એ.આર.એલ) દિલ્હી,તા.૨૩



ઉત્તરાખંડમાં ચાલી રહેલા ભારે વરસાદને કારણે ઉત્તરકાશીમાં પણ સ્થિતિ બગડવા લાગી છે. ભારે વરસાદને કારણે સમગ્ર જિલ્લામાં પાણી જ પાણી જોવા મળી રહ્યું છે. તમામ નદીઓ અને નાળાઓ વહેતા થઈ રહ્યા છે. જિલ્લામાં ચાલી રહેલા ભારે વરસાદને લઈને ઉત્તરકાશી જિલ્લા મેજિસ્ટ્રેટ અભિષેક રોહિલાએ જણાવ્યું કે ઉત્તરકાશી જિલ્લાના પુરોલા, બરકોટ અને ડુંડામાં ભારે વરસાદને કારણે ૫૦ ઈમારતોને નુકસાન થયું છે જેના કારણે જિલ્લામાં ૫૦ રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. આ સાથે ભારે વરસાદના કારણે લગભગ ૪૦ ગામોમાં વીજ પુરવઠો બંધ થઈ ગયો છે અને મોટાભાગની ખેતીની જમીન ધોવાઈ ગઈ છે.

ઉત્તરકાશી જિલ્લામાં મુશળધાર વરસાદ વચ્ચે મોડી રાત્રે પુરોલામાં વાદળ ફાટ્યું હતું. જેના કારણે છડા ખાડ અને કમલ નદીના પાણીમાં વધારો થયો હતો. કોતરના પાણીના સ્તરમાં વધારો થવાને કારણે કોર્ટ રોડની ઈમારતો જોખમમાં આવી ગઈ છે. ગઢવાલ, જાગરણ ટીમ, પહાડી વિસ્તારોમાં અવિરત વરસાદના કારણે જનજીવન અસ્તવ્યસ્ત બની ગયું છે. ગામડાઓને જોડતો લીંક રોડ બંધ થવાના કારણે ગ્રામજનોનો જિલ્લા મથકથી સંપર્ક કપાઈ ગયો છે. આ સાથે અનેક ગામોમાં વીજ થાંભલા અને પીવાના પાણીની લાઈનો ધરાશાયી થવાના કારણે વીજળી અને પાણીની કટોકટી પણ ઉભી થઈ છે. ગંગોત્રી ધામમાં પણ પાણીની સમસ્યા છે. બીજી તરફ પ્રતિકૂળ સંજોગોમાં સંચાર સેવા ખોરવાઈ જવાથી સમસ્યા વધુ વધી છે. કેદારનાથ ધામ માર્ગ પર વારંવાર ભૂસ્ખલન થવાના કારણે યાત્રામાં વારંવાર અવરોધ આવી રહ્યો છે. જેના કારણે યાત્રિકોનો તેમના સંબંધીઓ સાથે સંપર્ક તૂટી ગયો હતો. વીજળી અને પાણીના પુરવઠાને પુનઃસ્થાપિત કરવા સાથે, સરળ સંચાર સેવા વહીવટીતંત્ર માટે એક પડકાર છે. ત્યારે ભારે વરસાદના કારણે કેદારનાથ યાત્રા પણ રોકી દેવામાં આવી છે.


એઈમ્સ હોસ્પિટલમાં ફ્રી (મફત)માં થતી સારવાર
હૃદયરોગના હુમલા વખતે કરાવવી પડતી એન્જીઓગ્રાફી કે એન્જિઓપ્લાસ્ટી હૃદયની બંધનળીઓને સ્પ્રીંગ (સ્ટેન્ટ) મુકીને ખોલવાની સારવાર તદ્દન મફતમાં...
ફ્રી
૨૪ કલાક
સ્ત્રી રોગના નિષ્ણાંત સેવામાં હાજર રહેશે.
પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના
આયુષ્માન ભારત PM-JAY
એઈમ્સ હોસ્પિટલ-અમરેલી
મુખ્યમંત્રી અમૃતમ (મા) કાર્ડ યોજના
પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના (PM-JAY)
એઈમ્સ હોસ્પિટલ, બસ સ્ટેશનની સામે, અમરેલી
02792-222060/76 108 108 27
નોંધ : આ તમામ યોજનાનો લાભ પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના તથા મુખ્યમંત્રી અમૃતમ (મા) કાર્ડ યોજનાના કાર્ડ ધારકોને જ મળવાપાત્ર છે.

બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
(જંગરવાળા)
સવારે ચાલવા જવું લાભકારી તો છે જ..
પરંતુ,
દિવસ દરમ્યાન ઘણું બધું ચલાવી લેવું અતિ લાભકારી છે..!
લાઇવ ૨૨ કેરેટ દાગીનાનો ભાવ જાણવા મીસ કોલ કરો
9555811166
એ -૧૯, ઈન્દિરા માર્કેટ, અમરેલી
ph.No.(02792)223770/226868



દુ:ખદ અવસાન / ઉઠમણું

ગૌ.વા. ધારશીભાઈ હીરજીભાઈ રાજપોપટ (ઉ.વ.૯૦)
સ્વ.તા.૨૧/૭/૨૦૨૩,શુક્રવાર, મું.બાબરા
અમારા પુ. પિતાશ્રી ગૌ.વા. ધારશીભાઈ હીરજીભાઈ રાજપોપટનું દુ:ખદ અવસાન થયેલ છે. પ્રભુ તેમના આત્માને શાંતિ આપે એજ પ્રાર્થના
-:: ઉઠમણું ::-
સદગતનું ઉઠમણું તા.૨૪/૭/૨૦૨૩ ને સોમવાર , સમય : સાંજે ૪થી ૫
સ્થળ:- લોહાણા મહાજનવાડી, બાબરા
લી.
ગૌ.વા. વિનોદરાય ધારશીભાઈ રાજપોપટ
રવિભાઈ વિનોદરાય રાજપોપટ
રાજુભાઈ ધારશીભાઈ રાજપોપટ
ચિરાગ વિનોદરાય રાજપોપટ
હાર્ટ રાજેશભાઈ રાજપોપટ
રાજપોપટ પરિવારના જય શ્રી કૃષ્ણ

સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
સોમવાર, તા.૨૪-૦૭-૨૦૨૩

સતત વરસી રહેલા વરસાદને કારણે અમુક માર્ગનો ભ્રષ્ટાચાર બહાર આવ્યો

# અમરેલી જિલ્લાના મોટાભાગના માર્ગોનું ધોવાણ

## માર્ગ પર મસમોટા ખાડાઓથી વાહનચાલકોને અકસ્માતનો ભય

અમરેલી,તા.૨૩

અમરેલી જિલ્લામાં સતત એક માસથી અવિરત વરસાદ વરસી રહ્યો છે. સતત વરસાદને કારણે ખેડૂતોનો પાક નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે તો અમરેલી જિલ્લાના મોટાભાગના માર્ગો પર મસમોટા ખાડા પડી ગયા હોવાથી વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. અમરેલી જિલ્લામાં છેલ્લાં એક માસ કરતા વધારે સમયથી હળવાથી લઈ અતિભારે વરસાદ વરસી રહ્યો છે. વરસાદને કારણે ખેડૂતોએ કરેલા પાકનું વાવેતર નિષ્ફળ જવાની સંભાવના રહેલી છે. આ વર્ષે કમોસમી વરસાદે ખેડૂતોની આર્થિક કમર તોડી નાખી હતી જેના લીધે ઉનાળુ પાક સદંતર નિષ્ફળ ગયો હતો તો બિપોરજોય વાવાઝોડાની આંશિક અસરને કારણે ખેડૂતોએ કરેલા બાગાયતી પાકને પણ ભારે નુકસાન થયુ હતું. રાજય સરકારે કમોસમી વરસાદથી થયેલા નુકસાનને કારણે આંશિક વળતર આપ્યુ છે જો કે



હજુ ઘણા ખેડૂતોને વળતર મળ્યુ ન હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. અમરેલી જિલ્લામાં ભારે વરસાદને કારણે જિલ્લાના મોટાભાગના મુખ્ય માર્ગોનું ધોવાણ થયુ છે. બગસરા આઈટીઆઈ પાસે, સ્વામિનારાયણ મંદિર પાસે, ગાવડકાથી રાધેશ્યામ હોટલ સુધી તો મસમોટા ખાડાઓ પડી ગયા હોવાથી વાહનચાલકોને અકસ્માતનો ભય સતાવી રહ્યો છે. આ અંગે વાહનચાલકોએ જણાવ્યું હતું કે, રાજય સરકાર તરફથી માર્ગ માટે કરોડો રૂપિયાની ગ્રાન્ટ ફાળવવામાં આવે છે પરંતુ અધિકારીઓની બેદરકારીને કારણે ગ્રાન્ટનો યોગ્ય ઉપયોગ થઈ શકતો નથી. અમરેલીના જશવંતગઢ ગામે તો માર્ગનું જાણ અસ્તિત્વ જ ન હોય તેવુ લાગી રહ્યુ છે. માર્ગ પર બબ્બે ફૂટના ખાડાથી ગ્રામજનો તોબા પોકારી ઉઠયા છે. ગાવડકાથી રાધેશ્યામ હોટલ સુધીના માર્ગ પર દરરોજ અધિકારીઓ અને પદાધિકારીઓની અવરજવર રહે છે પરંતુ આટલા ખાડા કોઈને દેખાતા ન હોવાથી તંત્ર જાણે અકસ્માતની રાહ જોતુ હોય તેવુ લાગી રહ્યુ છે. હજુ બે દિવસ પહેલા રાજયપાલ અને મુખ્યમંત્રી અમરેલી જિલ્લાના પ્રવાસે આવ્યા હતા ત્યારે તેઓને ગાવડકા સુધી મુલાકાત કરાવી હોય તો વાહનચાલકોની હાલાકીનો ખ્યાલ આવત તેમ રોષ સાથે વાહનચાલકોએ જણાવ્યું હતું.

# લીલીયા વિસ્તારમાં ખેતરોનું ધોવાણ થતા રાહત પેકેજ આપવા રજૂઆત

## જીલ્લા પંચાયત સદસ્યા રમીલાબેન ધોરાજીયાની ધારાસભ્ય મહેશ કસવાલાને રજૂઆત

લીલીયા, તા.૨૩



છેલ્લા એક માસથી અમરેલી જીલ્લામાં થઈ રહેલા ભારે વરસાદને કારણે મોટાભાગના વિસ્તારમાં પૂરની પરિસ્થિતિ સર્જાઈ છે. જેમાં પણ ગઈકાલે લાઠી- બાબરા-અમરેલી-બગસરા વિસ્તારમાં ભારે વરસાદ પડતા ગાગડીયો અને શેત્રુંજી નદીમાં ભારે પૂર આવ્યુ હતું. જેના કારણે લીલીયા તાલુકામાં ખેતરોમાં પૂરના પાણી ઘૂસી જતા ભારે ધોવાણ થયુ છે. આ વિસ્તારના ખેડૂતોને ખેતી સિવાય કોઈ આવક ન હોય આ વિસ્તારના ખેડૂતોને તાત્કાલીક આર્થિક રાહત પેકેજ આપવામાં આવે તેવી રજૂઆત જીલ્લા પંચાયતના સદસ્યા રમીલાબેન ધોરાજીયાએ ધારાસભ્ય મહેશભાઈ કસવાલાને કરી છે.

# રાજુલા શહેરમાં સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પ યોજાયો

રાજુલા,તા.૨૩

રાજુલા શહેરની શાહગોરા વાડી ખાતે સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા બ્લડ ડોનેશન કેમ્પનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. આ બ્લડ ડોનેશન કેમ્પ ઈમામ હુસેન શહાદતની યાદમાં યોજાયો હતો. જેમાં મોટી સંખ્યામાં લોકોએ રક્તદાન કર્યુ હતું.



આ કેમ્પમા મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ અગ્રણીઓ સહિત યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. સમસ્ત મુસ્લિમ સમાજના આગેવાનોએ પત્રકારોનું પુષ્પગુચ્છ આપી સન્માન કર્યુ હતું. આ કેમ્પમાં મહુવાની નવકાર ચેરીટેબલ ટ્રસ્ટ બ્લડ બેન્ક દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો. સમગ્ર આયોજન સફળ બનાવવા માટે સમસ્ત મુસ્લિમ સમાજ રાજુલા દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.

# સંવેદન ગ્રુપ દ્વારા દિવ્યાંગોને ટ્રાઈસિકલનું વિતરણ કરાયું

અમરેલી, તા.૨૩

માનવ સેવા અને રાષ્ટ્ર ધર્મને વરેલી સંસ્થા સંવેદન ગ્રૃપ અમરેલી દ્વારા દિપીકાબેન અશોકભાઈ પરમાર (આસ્થા હોસ્પિટલ, અમરેલી)ના સહયોગથી બન્ને પગે અપંગ હોય એવાં જરૂરિયાતમંદ દિવ્યાંગોને વિનામૂલ્યે ટ્રાઈસિકલનું વિતરણ કરવામાં આવ્યું હતું. સંવેદન ગ્રૃપના સંયોજક વિપુલ ભટ્ટીએ



સાઈકલના દાતા દીપુબેનને દિવ્યાંગો પ્રત્યે સંવેદના સહ નિઃસ્વાર્થ માનવસેવા બદલ ધન્યવાદ પાઠવ્યા હતાં. અને જરૂરિયાતમંદ લોકોને મદદ કરવા બદલ આભારની લાગણી વ્યકત કરી હતી.

# ઉડાન લેડીઝ ક્લબ દ્વારા બહેનોમાં રહેલ પ્રતિભાને બહાર લાવવાનો પ્રયાસ

બાબરા, તા.૨૩

બાબરામાં આવેલ ઉડાન લેડીઝ કલબ છેલ્લા બે વર્ષથી મહિલાઓમાં રહેલ પ્રતિભાને બહાર લાવવાનો સતત પ્રયત્ન કરી રહેલ છે. જે અંતર્ગત કલબ દ્વારા દર બે મહિને બહેનોને નવા નવા પ્રોગ્રામ આપવામાં આવે છે તેમજ વર્ષમાં એક થી બે સ્પર્ધાઓ યોજી તેમના હુન્નરને બહાર લાવવાનું કાર્ય કરવામાં આવે છે. આ વર્ષે ફરાળી વાનગીની હરિફાઈ



તસવીર : વિજય માળી

યોજવામાં આવી હતી જેમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવનાર ત્રણ બહેનોને ઈનામ આપી પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

# ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા કુદરતી આફતમાં સહાય કાર્યો

અમરેલી, તા.૨૩

ખોડલધામ ટ્રસ્ટ કાગવડ દ્વારા જૂનાગઢ અને આસપાસના વિસ્તારોમાં વરસાદથી તારાજી પામેલા વિસ્તારોના લોકો માટે સેવાકીય કાર્યો કરવામાં આવી રહ્યા છે. ટ્રસ્ટ દ્વારા મુસીબતના સમયમાં જરૂરિયાતમંદોને મદદરૂપ થવાના હેતુથી ખોડલધામ ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલના સીધા




માર્ગદર્શન હેઠળ સૌરાષ્ટ્રમાં જેતપુર, ગોંડલ અને રાજકોટમાં કંટ્રોલ રૂમ શરૂ કરી અને ફુડપેકેટ બનાવવા માટે ૬૦૦ થી વધુ સ્વયંસેવકોની ટીમ તૈયાર કરી સેવાયજ્ઞ આરંભ્યો છે.

# સાવરકુંડલા-મહુવા નેશનલ હાઈવે પર આડેધડ પાર્કિંગથી અકસ્માતની ભીતિ

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલા મહુવા નેશનલ હાઈવે પર આડેધડ વાહનો પાર્ક કરાતા હોવાની રાવ ઉઠી રહી છે. સાવરકુંડલાના મહુવા હાઈવે રોડ ઉપર જ વાહનો પાર્ક કરીને લોકો ચા, પાણી અને નાસ્તો કરવા જતા રહે છે. હાલ ચોમાસાનો સમય હોય ચાલુ વરસાદમાં વાહનચાલકની



વિઝીબિલીટી ઓછી હોય છે જેથી રોડ પર પાર્ક કરેલ વાહન ન દેખાતા અકસ્માત સર્જાવાની પૂરી સંભાવના રહેલી છે. ત્યારે ટ્રાફિકના નિયમોનો ઉલાળિયો કરી બેફામ પાર્ક કરાતા વાહનો કોઈનું જીવન જોખમમાં મુકતા હોય છે. અકસ્માત બાદ કાર્યવાહીનો શો અર્થ ? ઘોડા છુટ્યા બાદ તબેલાને તાળા મારવા કરતા અગમચેતી અને તકેદારી રાખવામાં આવે તો કોઈ નિર્દોષ જિંદગીનો ભોગ ના લેવાય તે ઈચ્છનીય છે.

# સાંસદની રજૂઆતથી અમરેલી વેરાવળ ટ્રેનમાં વધારે બે કોચ જોડવામાં આવશે

અમરેલી, તા.૨૩

હાલ અધિક શ્રાવણ માસ ચાલી રહ્યો છે અને લોકો શિવમંદિરોમાં ખાસ પૂજા અર્ચના માટે જઈ રહ્યા છે. ત્યારે અમરેલીના લોકો પ્રસિધ્ધ શિવતીર્થ અને પ્રથમ જ્યોતિર્લિંગ એવા સોમનાથ મહાદેવના દર્શન અર્થે સોમનાથ જાય છે. અમરેલીથી વેરાવળ જતી





ટ્રેન મારફત દરેક વર્ગને પોસાય તેટલા ભાડામાં સોમનાથ પહોંચી શકાય છે. જો કે આ ટ્રેનમાં ખૂબ જ ટ્રાફિક થતો હોવાથી લોકોની લાગણીને માન આપી નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા દ્વારા સાંસદ નારણભાઈ કાછડીયાને ભલામણ કરવામાં આવી હતી. જેથી નારણભાઈ દ્વારા તાત્કાલિક બોર્ડમાં રજૂઆત કરવામાં આવતા અમરેલીથી વેરાવળ જતી ટ્રેનમાં વધારના બે કોચ જોડવા માટે મંજૂરી મળી ગઈ હોવાનું સાંસદ નારણભાઈ કાછડીયાની યાદીમાં જણાવવામાં આવ્યું છે.









નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાના હસ્તે

# અમરેલીમાં બિમ્સ આસ્થા હોસ્પિટલનો દબદબાભેર પ્રારંભ

અમરેલી, તા.૨૩

અમરેલીના લોકોની આરોગ્યની સુખાકારીમાં વધારો થાય તે માટે બિમ્સ આસ્થા હોસ્પિટલનો અમરેલીમાં નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયાના હસ્તે દબદબાભેર શુભારંભ કરવામાં આવ્યો હતો. અમરેલીમાં આવા પ્રકારની પ્રથમ હોસ્પિટલ હોય અમરેલી જીલ્લાના દર્દીઓને સારવારની વિશેષ સુવિધા મળી





રહેશે તેમ બિમ્સ હોસ્પિટલની ટીમ વતી મેડિકલ ડાયરેક્ટર ડો. અશોક પરમારે જણાવ્યું હતું.આ તકે જે.વી કાકડીયા, વસંતભાઈ મોવલીયા, ડો.ભરતભાઈ કાનાબાર,અશ્વિનભાઈ સાવલીયા, વનરાજભાઈ કોઠીવાળ, સુરેશભાઈ શેખવા, દીપકભાઈ વઘાસીયા,ભુપતભાઈ ભુવા, જીતભાઈ દેસાઈ, શૈલેષભાઈ સંઘાણી, જીતુભાઈ ડેર સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલા ગાંધી મંદિર ખાતે સન્માન સહિત ત્રિવિધ કાર્યક્રમ યોજાયો

રાજુલા, તા.૨૩

રાજુલા શહેરમાં આવેલ ગાંધી મંદિર ખાતે રતિલાલ ભીમજી જોષી ટ્રસ્ટ દ્વારા ત્રિવિધ કાર્યક્રમનું સુંદર આયોજન કરવામાં આવ્યું હતું. દીપ પ્રાગટ્ય કરી કાર્યક્રમ ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જેમા વિદ્યાર્થીઓનું સન્માન, ગુજરાત ગૌરવ એવોર્ડ વિજેતા વિપુલભાઈ લહેરીનું તસ્વીર પ્રદર્શન, વૃક્ષારોપણ અને પક્ષીઘરનું વિતરણ કરાયુ



હતું. ઉપરાંત રાજુલાના સેવાભાવી વડીલોનું સન્માન કરવામા આવ્યુ હતું. આ કાર્યક્રમની આભાર વિધિ ચિરાગભાઈ જોષી(પૂર્વ નગરપાલિકા પ્રમુખ) દ્વારા કરવામાં આવી હતી. કાર્યક્રમમાં મહંતશ્રી ભાવેશબાપુ ગોંડલીયા મારુતિ ધામ મંડળ દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો.

# ધારી નવી વસાહત પ્રાથમિક શાળા ખાતે ધારાસભ્ય જે.વી.કાકડીયા, ભુપતભાઈ વાળાનું સન્માન કરાયું

ધારી, તા.૨૩

ધારી નવી વસાહત પ્રાથમિક શાળામાં સ્કૂલમાં છેલ્લા ઘણા સમયથી નવી વસાહત શાળામાં પીવાના પાણીની બાળકોને ખૂબ તકલીફ પડતી હતી, આ પ્રશ્નને લઈ સ્કૂલના શિક્ષકો દ્વારા આ અગાઉ વારંવાર રજૂઆત કરવામાં આવી હતી, પણ કોઈએ આ વસાહતના વિદ્યાર્થીને માટે પડતી મુશ્કેલી તરફ



ધ્યાન આપ્યું નહોતું. આ બાબતની જાણ તાલુકા પંચાયતના સદસ્ય અનવરભાઈ તથા સભ્યોને થતા તેઓ દ્વારા ભુપતભાઈ વાળાને જાણ કરાતા ધારી ગ્રામ પંચાયત દ્વારા તેઓએ મશીનરી મંજૂર કરાવી હતી. આ બદલ ધારાસભ્ય જે.વી. કાકડીયા તથા ભુપતભાઈ વાળાનું શાલથી સન્માન કરવામાં આવ્યું હતું. આ સમારોહમાં જી.પંચાયતના સભ્ય ખોડાભાઈ ભુવા, અનવરભાઈ લલિયા, પરેશ પટણી, પંચાયતના સભ્ય નાવેદ ચૌહાણ, હર્ષદભાઈ રાવલ, સૂર્યકાંતભાઈ મહેતા, અરવિંદભાઈ દવે, નિકુંજ મહેતા ઉપસ્થિત રહ્યા હતા.

# તહેવારોને અનુલક્ષીને રાજુલા પોલીસ સ્ટેશન ખાતે શાંતિ સમિતિની મિટિંગ યોજાઈ

રાજુલા, તા.૨૩

રાજુલા પોલીસ સ્ટેશન ખાતે મોહરમ તહેવારને લઈને શાંતિ સમિતિની મિટિંગ યોજાઈ હતી. જેમાં હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો તેમજ અગ્રણીઓ અને પત્રકાર મિત્રો હાજર રહ્યા હતા.

આ મિટિંગનું પીઆઈ ચીરાગ કુગસીયાના અધ્યક્ષ



સ્થાને આયોજન કરવામાં આવ્યું હતું. અને મોહરમ તહેવારની શાંતિપૂર્ણ રીતે ઉજવણી કરવામાં આવે તેવી પીઆઈ ચિરાગ કુગસીયા દ્વારા અપીલ કરવામાં આવી હતી. આ તકે ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ મનીષભાઈ વાળા, બીપીનભાઈ વેગડા, બકુલભાઈ વોરા, ઉમેશભાઈ વરૂ, આરીફભાઈ જોખીયા, આસીફભાઈ મુની, સીરાજભાઈ લાખાણી, અબ્દુલભાઈ ચાવડા સહિત હિન્દુ-મુસ્લિમ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

# રાજુલામાં કોર્ટ કેસનો ખર્ચ આપવાની ના પાડી યુવકને ફટકારવામાં આવ્યો

રાજુલા, તા.૨૩

રાજુલામાં કોર્ટ કેસનો ખર્ચ આપવાની ના પાડતાં યુવકને ફટકારી તેના ખિસ્સામાંથી રૂ.૭૦૦૦ની લૂંટ ચલાવી બે લોકો ફરાર થઈ ગયા હતા. ઉપરાંત જતા જતા યુવકને જાનથી મારવાની ધમકી પણ આપતા ગયા હતા. આ અંગે રાજુલામાં રહેતા ઈન્દ્રજીતભાઈ ખોડુભાઈ ધાધલ (ઉ.વ.૨૫)એ હરસુરભાઈ ઉર્ફે લાલો તથા દિપક નામના ઈસમો સામે ફરિયાદ નોંધાવી છે. અગાઉની ફરિયાદ બાબતે વકીલનો ખર્ચ તેમની પાસે માંગતા તેમણે આપવાની ના પાડી ગાળો આપી હતી. તેમજ પટ્ટાથી માર મારી ખિસ્સામાંથી રૂ.૭૦૦૦ કાઢી લઈ લૂંટી લીધા હતા અને જતા જતા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. રાજુલા પોલીસ સ્ટેશનના પીઆઈ સી.એસ.કુગસીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલા એસટી ડેપો દ્વારા રાજુલા-રાજકોટ નવો રૂટ શરૂ કરવામાં આવશે

રાજુલા, તા.૨૩

રાજુલા શહેરમાં ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા છેલ્લા બે વર્ષથી વારંવાર કરવામાં આવતી લેખિત તેમજ મૌખિક રજૂઆત રંગ લાવી છે. રાજુલાના વેપારીઓને તેમજ દર્દીઓને હોસ્પિટલ આવવા જવાનું રાજકોટ મુખ્ય મથક હોય ત્યારે રાજકોટથી રાજુલા આવવા માટે સાંજના ૫.૪૫ વાગ્યા પછી એક પણ બસ મળતી નહોતી. જેથી વેપારીઓ તેમજ ચેમ્બર ઓફ કોમર્સ અને ધારાસભ્ય દ્વારા અવારનવાર માગણીઓ કરવામાં આવતી હતી. અમરેલી જિલ્લામાં નવા નિમાયેલ વિભાગીય અધિકારીને આ બાબતો ધ્યાને આવતા તેમણે તાત્કાલિક પણે ડેપો મેનેજર પાસેથી માહિતી મેળવી અને રાજુલા શહેરને વિશેષ સુવિધા મળે તે હેતુથી તારીખ ૨૪.૦૭.૨૦૨૩ સોમવારને બપોરે ૨.૦૦ કલાકે હીરાભાઈ સોલંકી તેમજ ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ અને રાજુલાના વેપારીઓને સાથે રાખીને આ બસને લીલી ઝંડી બતાવશે. આ બસ રાજકોટથી દરરોજ સાંજે ૦૭.૩૦ કલાકે ઉપડશે તેવું એસટીના અધિકારીઓ દ્વારા જણાવવામાં આવ્યું છે.

# રાજુલાના ડુંગર રોડ પર આવેલ ઓઈલ મીલમાં ચોરી કરનાર ત્રણ શખ્સો ઝડપાયા

ગુનામાં ઉપયોગમાં લીધેલ એક બોલેરો જીપ અને લોખંડના સળિયા સાથે ઝડપી પાડ્યા



રાજુલા, તા.૨૩

રાજુલાના ડુંગર રોડ પર આવેલ મહાલક્ષ્મી મીની ઓઈલ મીલમાંથી શીંગતેલના ૧૫ ડબ્બા તથા રોકડ રકમ ૧૫ હજારની ચોરી કરવામાં આવી હતી અને ચોર નાસી છુટયા હતા. આ બાબતે નિલેશભાઈ નરશીભાઈ જાલંધરા દ્વારા ફરિયાદ નોંધાવવામાં આવતા રાજુલા પોલીસ દ્વારા તપાસના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા હતા. જે અન્વયે પોલીસ દ્વારા બાતમીદારો અને ટ્રેકનિકલ સોર્સની મદદ લઈ આરોપીઓનું પગેરૂ મેળવી ચોક્કસ બાતમી આધારે ચોરીના ગુનાને અંજામ આપનાર ત્રણ શખ્સો વિક્રમભાઈ કેશુભાઈ પરમાર, નાથાભાઈ ભીમાભાઈ પરમાર અને દેવાતભાઈ ઉર્ફે દેવાત સંગ્રામભાઈ વડલીવાળાને ગુનામાં ઉપયોગમાં લીધેલ એક બોલેરો જીપ અને લોખંડના સળિયા સાથે ઝડપી પાડ્યા હતા અને ચોરી કરેલ શીંગતેલના ડબ્બા સહિત મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.

## અવસાન નોંધ

### દામનગર

સ્વ.હર્ષદભાઈ જુઠાણી(ઉ.વ.૭૬)નું તા.૧૮/૦૭/૨૩ ને મંગળવારે દુઃખદ અવસાન થયેલ છે. તે ભાવનાબેનના પતિ, ઉપેન્દ્ર, ગુંજન, દેવેન્દ્ર તથા હેતલ(બોનીબેન) ના પિતા, નિખીલકુમાર, ધરા, બિંદીયા, નેહાના સસરા, લલીતભાઈ પ્રતાપભાઈ, જીતુભાઈ, સ્વ.રંજનબેન જાગાણી, મંજુલાબેન ભાયાણી, પ્રફુલાબેન હેમાણીના મોટાભાઈ તથા મોહનલાલ મોતીચંદ ગોસળીયાના જમાઈ થાય છે. તેમની પ્રાર્થના સભા તા.૨૫/૭/૨૩ ને મંગળવાર સવારના ૯:૩૦થી ૧૧:૩૦ કલાકે જૈન મહાજન વાડી દામનગર મુકામે રાખેલ છે.

### અમરેલી

સ્વ.કમળાબેન છોટાલાલ મહેતા (ઉ.વ.૯૮)નું તા.૨૨/૭/૨૩ ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. તે વ્રજલાલ છોટાલાલ મહેતા, ભાનુશંકર છોટાલાલ મહેતા, દિનેશભાઈ છોટાલાલ મહેતા, પ્રવિણભાઈ છોટાલાલ મહેતા, અરવિંદભાઈ મહેતાના માતૃશ્રી થાય છે. તેમનું બેસણું ૨૪/૭/૨૩ ને સોમવાર, સાંજે ૪થી ૬ બ્રહ્મેશ્વર મહાદેવ મંદિર, બ્રાહ્મણ સોસાયટી, અમરેલી રાખેલ છે.

વી. કે. મોટર્સ
VK MOTORS
Giving you joy of Best Ride...
MARUTI SUZUKI | HONDA | TOYOTA | Ford | HYUNDAI
CAR SERVICE <> SPARE <> INSURANCE
તમામ પ્રકારની ગાડીનું રીપેરીંગ તેમજ કલેમ ઈન્સ્યોરન્સમાં રીપેરીંગ કરી આપવામાં આવશે.
ઈન્સ્યોરન્સ કેશલેસ સુવિધા
તમામ પ્રકારના ઈન્સ્યોરન્સનું કામ કરી આપવામાં આવશે.
વિપુલ કાનપરીયા + ૯૧ ૯૯૨૪૨ ૫૭૯૮૧
લાઠી રોડ, બાયપાસ ચોકડી, યામાહા શો રૂમ સામે, અમરેલી.
e_mail : kanpariyavipul4025@gmail.com

વેચવાનો છે
ઈન્ડસ્ટ્રીયલ પ્લોટ બિલ્ડીંગ સાથે
GIDC અમરેલી-ગુજરાત
ખૂબ જ મોકાની સૌથી મોટો પ્લોટ અમરેલી જી.આઈ.ડી.સી માં ઉપરાંત પ્રચલિત શીતલ આઈસ્ક્રીમની બાજુમાં ઈન્ડ્રસ્ટ્રીયલ યુનીટ ૪૦૦૦૦ ફૂટ(૪૦ વસા) ૧૬૦૧૪ સ્કેવર.ફૂટ બિલ્ડીંગ બાધકામ સાથે જી.આઈ.ડી.સી અમરેલીમાં વેચવાનો છે.
(બ્રોકર મિત્ર આવકાર્ય છે.)
સંપર્ક
મો.: +91 8375856577. Email : nirav.tsc@gmail.com

KAKA® PVC PROFILE
શ્રેષ્ઠ ક્યારેય સસ્તુ ન હોય, સસ્તુ ક્યારેય શ્રેષ્ઠ ન હોય.
નીર્મળ સાવલીયા ૯૮૭૯૬ ૬૭૭૭૧
સંજય સાવલીયા ૯૯૭૯૯ ૪૨૪૪૨
શ્રી વલ્લભ એન્ટરપ્રાઈઝ
કિચેન કેબિનેટ | માળીયા | ટી.વી. કેબિનેટ
વોલ પેનેલિંગ | સીલીંગ | પી.વી.સી. દરવાજા
ફાયદા : ઉધઈ પ્રુફ, પાણીની કોઈ અસર નહિ
ઓછા સમયમાં અસરકારક પ્રતિસાદ આધુનિક યુગનું એક આધુનિક પગલું
૪૬ સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત રોડ, અમરેલી

OREVA e BIKE®
રાધે મોટર્સ
ઓથો. ડીલર : OREVA, AMPERE
દરેક કંપનીના ઈ-વ્હીકલ રીપેરીંગ કરી આપનાર
શોપ નં. ૫-૬, આર.પીપળીયા શોપીંગ સેન્ટર, સ્ટેશન રોડ, અમરેલી
Mo. 7405252300
AMPERE By GREAVES

# બાબરાના અમરાપરા પ્લોટ પ્રાથમિક શાળા ખાતે વિદાય સમારંભ યોજાયો

બાબરા, તા.૨૩



બાબરા તાલુકાના અમરાપરા પ્લોટ પ્રા.શાળાના જીતેન્દ્રભાઈ કે તળાવિયા, નસીમબેન એમ.કપાસી તથા દયાબેન કે.સાવલિયાની બદલી થતા તેમને અમરાપરા ગામ, એસ.એમ.સી તથા શાળા પરિવાર દ્વારા વિદાય આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં સરપંચ અશોકભાઈ અસલાલીયા, ઉપસરપંચ બહાદુરભાઈ વાળા, મધુભાઈ ખોખરીયા, સુરેશભાઈ ધાખડા તથા રાજુભાઈ સોરઠીયા ઉપસ્થિત રહ્યા હતા. બદલી પામેલા શિક્ષકોને શાલ, પુસ્તક તથા ફૂલહાર વડે સન્માનિત કરવામાં આવ્યા હતા. બદલી પામેલા શિક્ષકો દ્વારા બે દાયકાના સુખદ અનુભવોને યાદ કરતા, ભાવસભર વાતાવરણ સર્જાયું હતું. વિદ્યાર્થીઓમાં અતિ પ્રિય શિક્ષકોની બદલી થતા, બાળકો તથા ગ્રામજનો ભાવવિભોર બન્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન દિપકભાઈ દવે દ્વારા કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમને સફળ બનાવવા શાળા પરિવારે ભારે જહેમત ઉઠાવી હતી.

# રાજુલામાં સ્વામી વિવેકાનંદ યુવા બોર્ડ દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું

રાજુલા, તા.૨૩



રાજુલા શહેરમાં સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા સ્વામી વિવેકાનંદ વન વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામા આવ્યું હતું. ત્યારે રાજુલાના મારૂતિધામ, કુંભનાથ-સુખનાથ મહાદેવ મંદિર સહિત મંદિરોના પટાંગણમાં વૃક્ષારોપણ કરાયુ હતું. અને ૧૦૦ જેટલા વૃક્ષો વાવી સમાજ ઉપયોગી કાર્ય કરવામા આવ્યું હતું. ઉલ્લેખનીય છે કે, તૌકતે વાવાઝોડા દરમિયાન અનેક વૃક્ષો ધરાશાયી થયા હતા ત્યારે સ્વામી વિવેકાનંદ ગુજરાત રાજ્ય યુવા બોર્ડ દ્વારા વૃક્ષો વાવી પર્યાવરણ બચાવો સૂત્રને સાર્થક કરવાના હેતુ સાથે વૃક્ષારોપણ કરાયુ હતું. આ તકે મારૂતિધામ મહંત ભાવેશબાપુ, સાગરભાઈ સરવૈયા, ચીરાગભાઈ જોષી, કાનાભાઈ ગોહિલ, હરેશભાઈ જેઠવા, ગીરીશભાઈ જોષી, પ્રશાંતભાઈ ગોહિલ, હર્ષદભાઈ ટાંક, ચીરાગભાઈ બી.જોષી સહિત સંતો-મહંતો ઉપસ્થિત રહ્યા હતા.

# કાચરડી ગામેથી સાત પત્તાપ્રેમી રોકડા ૧૦,૨૩૦ સાથે ઝડપાયા

દામનગર, તા.૨૩

અમરેલી જિલ્લામાંથી જુગારની બદીને નાથવા પોલીસ સતત કામગીરી કરી રહી છે. દામનગરના કાચરડી ગામેથી પોલીસે જુગાર રમતાં સાત ઈસમોને રોકડા ૧૦,૨૪૦ના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. જનકભાઈ મુળાભાઈ સિંધવ, અલ્પેશભાઈ રમેશભાઈ ભાટી, બળદેવભાઈ ઘનશ્યામભાઈ ભાટી, વિજયભાઈ બાબુભાઈ સોલંકી, જનકભાઈ ત્રિકમભાઈ રાઠોડ, વિપુલભાઈ રાઘવભાઈ સિંધવ તથા વિપુલભાઈ ભીખાભાઈ રાઠોડ ખુલ્લી જગ્યામાં તીનપત્તીનો હારજીતનો જુગાર રમતાં રોકડા રૂા.૧૦,૨૪૦ના મુદ્દામાલ સાથે રેઈડ દરમિયાન પકડાયા હતા. દામનગર પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ એસ.કે.ગોહીલ વધુ તપાસ કરી રહ્યા છે.

# મણિપુરની ઘટનામાં દોષિતોને સજા અપાવવા સાવરકુંડલાના નાગરિકોનું કલેક્ટરને આવેદન

## ઘટનાના દોષિતોને કડકમાં કડક સજા કરવાની માંગ કરાઈ

સાવરકુંડલા, તા.૨૩



મણિપુર રાજ્યમાં માનવતાને શર્મસાર કરનારી જે ઘટના બની છે તેના પડઘા સમગ્ર દેશમાં પડ્યા છે. ચોતરફથી આ ઘટનાને વખોડી અને દોષિતોને સજા આપવા માંગ કરવામાં આવી રહી છે, ત્યારે સાવરકુંડલાના એડવોકેટ હિંમતભાઈ બગડા, પિયુષભાઈ રાઠોડ, કે.ડી વાળા, બી.ડી રાઠોડ, કમલેશભાઈ બગડા અને શહેરના જાગૃત નાગરિકો દ્વારા અમરેલી કલેક્ટરને આવેદન પત્ર પાઠવી આ ઘટનાના દોષિતોને કડકમાં કડક સજા કરવાની માંગ કરવામાં આવી છે અને ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે પ્રાવધાન કરવાનું પણ જણાવવામાં આવ્યું છે.

# ઘરે પીવાનું પાણી ભરવા જાવ છું કહીને વંડા ગામની યુવતી લાપતા થઈ

સાવરકુંડલા, તા.૨૩

સાવરકુંડલાના વંડા ગામે રહેતી એક યુવતી ઘરે પીવાનું પાણી ભરવા જાવ છું તેમ તેના પિતાને કહીને નીકળ્યા બાદ લાપતા બની હતી. જેની સગાસંબંધીમાં શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. આ અંગે વિશાલભાઈ ઈશ્વરભાઈ ગોહિલ (ઉ.વ.૩૩) એ જાહેર કર્યા મુજબ, તેમની બહેન વિરલબેન ઈશ્વરભાઈ ગોહિલ (ઉ.વ.૨૬) ૧૮/૦૭/૨૦૨૩ના રોજ સાંજના આશરે સાડા છએક વાગ્યા આસપાસ પોતાની દુકાનેથી પિતાને ઘરે પીવાનું પાણી ભરવા જાવ છું એવુ કહીને ક્યાંક જતી રહી હતી. વંડા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.જે.કામળીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સ્વામી નિર્દોષાનંદ માનવસેવા હોસ્પિટલમાં અમેરિકાથી રૂ.૧૦ લાખનું અનુદાન

ભાવનગર, તા.૨૩



ભાવનગરના ઉમરાળા નજીક આવેલી સ્વામી નિર્દોષાનંદ હોસ્પિટલમાં અમેરિકામાં વસતા ગુજરાતી લોકો દ્વારા ૧૨ હજાર ડોલરનું અનુદાન આપવામાં આવ્યુ છે. હોસ્પિટલમાં ચાલતા નિઃશુલ્ક સેવાકાર્યના લાભાર્થે અમેરિકાના બાલ્ટીમોરમાં ગુજરાતી સમાજના પ્રમુખ રાજ પટેલ અને ખજાનચી જયેશ જાની તથા તેમની ટીમની જહેમતથી હાસ્ય કલાકાર જગદીશ ત્રિવેદી આયોજિત કાર્યક્રમમાં આ અનુદાન એકત્રિત થયું હતું. કાર્યક્રમ બદલ નટુભાઈ રાજપરાએ અમેરિકા સ્થિત ગુજરાતી સમાજના લોકોનો આભાર માન્યો હતો.

# સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારના અરજદારો માટે ઓનલાઈન દાખલા કાઢવા રજૂઆત

સાવરકુંડલા, તા.૨૩

ગુજરાત સરકાર દ્વારા કોઈપણ પ્રકારના પ્રમાણપત્રો જેમ કે આવકના દાખલા, જાતિ પ્રમાણપત્ર, ક્રિમીલિયર વગેરે કઢાવવા માટે અરજદારોને કચેરીના ધક્કા ખાવા ન પડે અને ઘરેબેઠા સુવિધા મળી રહે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે.

ડિજિટલ ગુજરાત વેબસાઈટ લોન્ચ કરવામાં આવી છે. પરંતુ સાવરકુંડલાના ગ્રામ્ય વિસ્તારના લોકો આ વેબસાઈટમાં જ્યારે અરજી કરવા જાય છે, ત્યારે પંચાયતનું જે ઓપ્શન આવે છે તે ઓપ્શન બંધ બતાવે છે જેના કારણે સાવરકુંડલા ગ્રામ્ય વિસ્તારના અરજદારો ઘરેબેઠા અરજી કરી દાખલા મેળવી શકતા નથી. આ બાબતે યોગ્ય કરવા સાવરકુંડલાના શહેર ભાજપ કોષાધ્યક્ષ જતીનભાઈ મૈસુરિયાએ કલેક્ટર સહિતનાને રજૂઆત કરી છે.

# ભરત મકવાણાનું સારહી યુથ ક્લબ, જિલ્લા ભાજપ અને કૌશિક વેકરીયા દ્વારા સન્માન કરાયું

## મુકેશ સંઘાણી અને રાજેશ કાબરીયાની વિશેષ ઉપસ્થિતિ

અમરેલી, તા.૨૩




સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની સેનેટની રાજકોટ ખાતે યોજાયેલી ચૂંટણીમાં અમરેલીના શિક્ષક ભરતભાઈ મકવાણા સેનેટ સભ્ય તરીકે બિનહરીફ ચૂંટાઈ આવતા વિધાનસભાના નાયબ મુખ્ય દંડક કૌશિકભાઈ વેકરીયા અને સારહી યુથ ક્લબના પ્રમુખ મુકેશભાઈ સંઘાણી તેમજ અમરેલી જિલ્લા ભાજપના પ્રમુખ રાજેશભાઈ કાબરીયા તેમજ ભાજપના આગેવાનો દ્વારા ભાવભર્યું સન્માન કરવામાં આવ્યું હતું.

## આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૯, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭,
ઇસ્લામીક સંવત-૧૪૪૩, તિથિ: છઠ્ઠ
તા.૨૪-૦૭-૨૦૨૩, સોમવાર, સૂર્યોદય-૦૫:૩૭,
સૂર્યાસ્ત-૦૭:૧૭, જૈન નવકારશી-૮-૧૦, નક્ષત્ર: હસ્ત

## દૈનિક રાશિફળ

તા.૨૪-૦૭-૨૦૨૩ સોમવાર

મેષ : આ રાશિનાં જાતકો માટે આજના દિવસે નોકરીના સ્થળે સામાન્ય જવાબદારી વધશે. મોસાળપક્ષે સાચવીને વ્યવહાર કરવો.

વૃષભ: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે ધનપ્રાપ્તિના સારા અવસરો મળશે. રોજગારીની ઉત્તમ તકો મળશે.

મિથુન: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે સ્થાન પરિવર્તનના યોગો જણાય છે. લેવડ-દેવડમાં અનુકૂળતા જણાશે.

કર્ક: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે વડીલ વર્ગ દ્વારા સારા લાભની સંભાવના. શેરબજાર અને સટ્ટાકીય પ્રવૃત્તિઓમાં સાચવવું.

સિંહ: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે મહત્વના નિર્ણયો લેવામાં કાળજી રાખવી. પગ અને કમરના દર્દમાં સંભાળવું.

કન્યા: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે માનસિક શાંતિમાં વૃદ્ધિ થશે. દામ્પત્ય સુખમાં સહયોગ મળશે. તણાવયુક્ત જીવનશૈલીથી દૂર રહેવું.

તુલા: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે કામકાજમાં સાધારણ થાક અનુભવશો. ભૂમિ, વાહન-મકાન સંબંધી લે-વેચમાં સાચવવું.

વૃશ્ચિક: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે આર્થિક બાબતમાં લાભ થશે. નોકરી-ધંધામાં સારો લાભ જણાશે.

ધન : આ રાશિનાં જાતકો માટે આજના દિવસે આર્થિક રોકાણ માટે સમય ઉત્તમ છે. માનસિક તણાવથી પરેશાની વધશે.

મકર: આ રાશિનાં જાતકો માટે આજના દિવસે જીવનસાથીનો ઉત્તમ સહયોગ મળશે. આવકમાં વધારો થશે. સંતાનોના પ્રશ્નોમાં રાહત અનુભવશો.

કુંભ : આ રાશિનાં જાતકો માટે આજના દિવસે આર્થિક બાબતે ચઢાવ-ઉતાર જોવા મળશે. પ્રેમસંબંધોમાં મન પ્રસન્ન રહેશે.

મીન : આ રાશિનાં જાતકો માટે આજના દિવસે ધંધાકીય બાબતોમાં થોડી ચિંતા રહેશે. ધંધાને અને પરિવારને સાથે ના રાખો.

# બગસરા પેસેન્જર એસોસિએશન દ્વારા ડેપો મેનેજરને આવેદનપત્ર પાઠવાયું

બગસરા, તા.૨૩



બગસરા પેસેન્જર એસોસિએશન દ્વારા બગસરા એસટી ડેપો મેનેજરને આવેદનપત્ર પાઠવી નવા રૂટ શરૂ કરવા માંગણી કરવામાં આવી હતી. આવેદનમાં જણાવવામાં આવ્યું છે કે, બગસરાથી ભુજ અને બગદાણા જેવા નવા રૂટ ફાળવવામાં આવે અને બગસરાથી જામનગર ચાલતી એકસપ્રેસ બસમાં એકસપ્રેસનું ભાડુ લઈને લોકલ બસની જેમ સ્ટોપ લેવામાં આવે છે.

આ ઉપરાંત ઓનલાઈન બુકીંગની સુવિધા મળતી નથી સાથે બગસરાના ડેપોમાં ગંદકીના ગંજ ખડકાયા છે જેની સફાઈ કરવામાં આવતી નથી. વધુમાં બગસરા રાજકોટ બસ જે મેટ્રોલિન્ક ગણાય છે છતાં તમામ સ્ટોપ પર ઉભી રાખવામાં આવે છે.

આવી અનેક સમસ્યાઓનું નિવારણ કરવાની રજૂઆત આવેદનમાં કરવામાં આવી છે.

# અમરેલી કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી,તા.૨૩

જિલ્લા રોજગાર કચેરી અને કે.કે.પારેખ કોમર્સ કોલેજ અમરેલીના સંયુક્ત ઉપક્રમે ટાટા કન્સલ્ટન્સી સર્વિસ ગાંધીનગર એકમ માટે બી.પી.એસ. (ટ્રેઈની) જગ્યા માટે ૧૮ થી ૨૦ વર્ષની વયમર્યાદા તેમજ વર્ષ ૨૦૨૨-૨૦૨૩માં **BCOM/BA/BBA/B.SC** પાસ થયા હોય તેવા (**GENERAL**) ઉમેદવારોએ અરજી કરવી. આગામી તા.૨૭ જુલાઈ ગુરુવારના રોજ સવારે ૧૦ વાગ્યે યોજાશે. રોજગાર ઈચ્છુક ઉમેદવારોએ કે.કે. પારેખ કોમર્સ કોલેજ ખાતે ઉપસ્થિત રહેવું. આ ઉપરાંત અનુબંધમ પોર્ટલ **http://anubandhan.gujarat.gov.in/account/signup** શૈક્ષણિક લાયકાતના દસ્તાવેજો સાથે જોબ સીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે અમરેલીના કોલ સેન્ટર નંબર ૬૩૫૭૩ ૯૦૩૯૦ પર સંપર્ક કરવો.

# ધારીમાં તમે કચરો મારી જગ્યામાં કેમ નાખો છો કહેતા પુરુષને ઝાપટ મારી ઢીકાપાટુ માર્યા

## પોલીસે ફરિયાદ નોંધી આગળની તપાસ હાથ ધરી

ધારી, તા.૨૩

મૂળ ધારીના અને હાલ સુરતમાં રહેતા એક પુરુષ તેમના મકાનની સાફ સફાઈ કરતા હતા ત્યારે ઘરની બાજુમાં રહેતા બે લોકોએ આવીને તમે કચરો મારી જગ્યામાં કેમ નાખો છો કહી ફડાકા ઝીંકી ઢીકાપાટુનો મૂઢમાર માર્યો હતો. બનાવ અંગે સુરતના વરાછામાં રહેતા મૂળ ધારીના રસીકભાઈ ભાદાભાઈ ગજેરા (ઉ.વ.૫૯) એ ધારીના ભરતભાઈ દરબાર તથા ગોવિંદપુરના એક વ્યક્તિ સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેઓ પોતાના ધારી ખાતેના મકાને હાજર હતા અને સાફ-સફાઈ કરતા આરોપીઓ ત્યાં આવ્યા હતા. જેથી તેમણે કહ્યું કે, તમો આ તમારો કચરો જે મારી જગ્યામાં નાખો છો અને તમારી જુની બિલ્ડીંગનો કાટમાળ તેની મેળે મારી જગ્યામાં પડે છે જેથી તેને સરખું કરાવો અને તમારી ગટર સાફ કરાવો જેથી ગટરનું અને વરસાદનું પાણી મારી જગ્યામાં ન આવે તેમ કહેતા સારૂ નહી લાગતા ગાળો આપી ગાલ ઉપર એક ઝાપટ મારી ઢીકાપાટુથી મૂઢમાર માર્યો હતો તથા જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.




કાર, બાઈક, ટ્રેકટર, સનેડો / મીની ટ્રેકટર, ટ્રોલી, ટ્રક, છોટાહાથી, બોલેરો, બસ તમામ વાહન માટેના

ટાયર - ટયુબ, બેટરી, ઓઈલ - ગ્રીસ, વ્હીલ - પ્લેટ - ધરા, જેક - ફીલ્ટર, ટુલ્સના હોલસેલ તેમજ રીટેલ વિક્રેતા

TVS TYRES · YOKOHAMA · CEAT · Veedol · BOSCH · HP · MRF · JK TYRE · MICHELIN · Castrol · TAPARIA

સંજય ટાયર્સ — દુ.નં.૧૪-૧૫-૧૬, બ્રાહ્મણ બોર્ડિંગ, અજમેરા સ્કૂલ સામે, બસસ્ટેશન રોડ, અમરેલી

સંજય ટ્રેડ લીંક — સફારી પાર્ક, લાઠી બાયપાસ રોડ, ટોયોટા શોરૂમ પાસે, અમરેલી

તંત્રી સ્થાનેથી

# માનવી અમર નથી છતાં રોગ અસાધ્ય નહી રહે

જે જીવે છે એને મરવું જ પડે. કોઈ અમર નથી. મેડિકલ સાયન્સની આટલી પ્રગતિ થઈ હોવા છતાં માનવી અમર નથી થઈ શક્યો. આમ છતાં રોગો પર કાબુ પણ પૂરેપૂરો મેળવી શકાયો નથી. નૈસર્ગિક જ્ઞાન વિના આરોગ્ય મળી શકે નહીં. માનવીના શરીરમાં કુદરતી રીતે જ સારા થવાની ક્ષમતા જ છે જેનો ઉપયોગ જો ૧૦૦ એ ૧૦૦ ટકા કરવામાં આવે તો રોગ મટી જાય છે. વિનુભાઈ ગાંધી ૯૫ વર્ષની વયે પણ લાકડીના ટેકા વગર ચાલી શકે છે. મેડિકલ સાયન્સ ઝપાટાભર વિકસી રહ્યું છે. અનેક પ્રકારના જટિલ રોગ મટાડી દેવાના દાવા કરવામાં આવે છે. રોજ દિવસ ઉગે અને મેડિકલ સાયન્સના સંશોધકો નવી નવી શોધ કરે છે અને રોજે રોજ ઉત્પન્ન થતા નવા નવા રોગોના ઉપાયો શોધી કાઢે છે અને તેને માટેના જટિલ યંત્રો પણ બનાવે છે આ યંત્રોથી રોગોનું નિદાન થઈ શકે છે. રોગના કારણોને શોધી શકાય છે પરંતુ નવા નવા રોગ ઉત્પન્ન થતા અટકાવી શકાતા નથી. આના માટે એક જ ઉપાય છે અને તે છે સાચી સમજ. માનવીને થતા ૯૦% રોગોનું મૂળ કારણ તેના શરીરમાં રહેલી વિકૃતિઓ છે. આધુનિક લાઈફ સ્ટાઈલ આ વિકૃતિઓને જન્મ આપે છે અને પરિણામે જટિલ રોગો ઉત્પન્ન થાય છે. અહીં મુખ્ય પ્રશ્ન એ છે કે અનેક ઉપાયો કરવા છતાં અમુક રોગો સામાન્ય હોવા છતાં મટતા નથી, અનેક ઉપાયો કરવા છતાં રોગ ન મટવાનું કારણ શું? તો તેનો જવાબ આપણા પ્રાચીન ગ્રંથોમાં મળે છે.

આયુર્વેદ માને છે કે, કેવળ બાહ્ય કે સ્થૂળ કારણોથી જ રોગ થાય છે એવું નથી. તે ઉપરાંત અનેક સૂક્ષ્મ કારણો કે જે ન દેખાય તેવાં પણ હોય છે. અસત્ય, વિશ્વાસઘાત, અત્યાચાર જેવાં પાપકર્મો દ્વારા કોઈ જીવોના દિલ દુભાવવાના કારણે તેના બદલારૂપે પણ રોગો થાય છે; જેને કર્મજન્ય રોગો પણ કહે છે. આવા રોગો ચાલુ સ્થૂળ ઉપચારથી કાબુમાં આવવાને બદલે ઊલટા વધતા જ જાય છે. તેથી દેવાર્ચના, વ્રત-નિયમો, યજ્ઞ, દાન, મંત્ર જેવા પ્રાયશ્ચિત્ત દ્વારા જ આવા રોગો મટાડવા જોઈએ; કારણ કે તે જ તેનો આખરી ઉપાય છે. જો અનેક ઉપાયો કરવા છતાં રોગ ન મટે તો તેનું કારણ અતિ સૂક્ષ્મ સ્તરે હોઈ શકે. અત્યારનું મેડિકલ સાયન્સ સ્થુળ શરીરનું નિદાન કરે છે પરંતુ બાકીના જે ચાર શરીર છે મનોમય કોષ, વિજ્ઞાનમય કોષ અને આનંદમય કોષ એમાં જે વિકૃતિ પ્રવેશી ગઈ હોય તેનું નિદાન આધુનિક મેડિકલ સાયન્સ પાસે નથી.

# સાંસ્કૃતિક એકતા પર નિર્મિત થઇ છે વિકાસની ઇમારત

પ્રાસંગિક
સુરેશ દેસાઈ

મણીપુર સળગી રહ્યું છે ત્યાં અરાજકતાના અંધકાર સર્વત્ર વ્યાપી જતો હોય તેવું લાગે છે છેલ્લા એક સપ્તાહમાં બનેલી ઘટનાઓ રાષ્ટ્રને શર્મસાર કરી રહી છે ત્યારે લાગે છે કે આ દેશનું ભાવિ અંધકારમય તો નથી ને? બીજી બાજુ અમદાવાદની અંદર એક ધનવાન નબીરો ૯-૯ માનવીને મોતને ઘાટ ઉતારે અને એના સગાઓ તેને છાવરવા માટે મેદાનમાં ઊતરી આવે ત્યારે લાગે કે રાષ્ટ્રની નૈતિકતાનું કેટલી હદે ધોવાણ થયું છે. આમ છતાં આશાનું એક કિરણ છે અને તે છે આ દેશના નિષ્ઠાવાન નાગરિકો અને અધિકારીઓ. આ દેશમાં માની ન શકાય તેટલા નિષ્ઠાવાન અધિકારીઓ છે. અનેક લોકો નિષ્ઠાવાન છે કે જે લોકો રાષ્ટ્રને ખાતર, માનવતાને ખાતર સર્વ કંઈ કરવા તૈયાર છે. સ્વામી વિવેકાનંદ કહે છે કે આવા દસ જ વ્યક્તિ જો હોય તો ચિંતા કરવાની જરૂર નથી આ રાષ્ટ્રનું ભાવિ ઉજવળ છે. ભારતના વૈજ્ઞાનિકો જો ચંદ્ર પર યાન મોકલી શકે, જે કામ અશક્ય છે તે કરી બતાવે તો આ દેશનું ભાવિ અંધકારમય નથી એમ ચોક્કસ માનવું. આ દેશની આર્થિક સ્થિતિ અંધકારમય નથી કારણકે અંધકાર હોવા છતાં આ દેશમાં સાચા વિકાસનો ખૂબ મોટો સ્કોપ રહેલો છે.

ભારતની સંસ્કૃતિ, એકતા રાષ્ટ્રની તાકાત છે જેવી રીતે એક માળામાં અનેક મોતી હોય છે પરંતુ તેની મધ્યમાં એક દોરો પરોવેલો હોય છે આ દોરો એ આપણી સાંસ્કૃતિક એકતા જ છે. અનેક પ્રકારના ધર્મો, સંપ્રદાયો અને સાંસ્કૃતિક પરંપરાઓમાં આ એકતા જ મહત્વની છે. ભાવનગરની ટૂંકી મુલાકાતે આવેલા ભાવનગરના માજી ધારાસભ્ય અને સાંસ્કૃતિક મંત્રીએ સંસ્કાર ભારતી આર્ટિસ્ટ હબના કલાકારોને સંબોધતા આ મહત્વની વાત કરી હતી. ભારતના વિકાસમાં આ એકતા જ મહત્વની છે. આર્થિક વિકાસમાં પણ એકતા જરૂરી છે આ મહત્વની વસ્તુ કેન્દ્રવર્તી છે તેની આસપાસ જ વિકાસના અનેક વર્તુળો રચાય છે. આમાં એક મહત્વનું વર્તુળ છે આર્થિક વિકાસ જે સૌથી વધુ મહત્વનો છે કોઈપણ રાષ્ટ્રની તાકાત એનો આર્થિક વિકાસ છે. આ આર્થિક વિકાસની એક રૂપરેખા આપણે આજે નિહાળીએ.


7.2 વિવિધતામાં એકતા

ભારત મુખ્યત્વે કૃષિ આધારિત અર્થતંત્ર છે. કૃષિ પ્રવૃત્તિઓ અર્થતંત્રમાં લગભગ ૫૦% યોગદાન આપે છે. ખેતીમાં પાકની વૃદ્ધિ અને વેચાણ, મરઘાં, માછીમારી, પશુપાલનનો સમાવેશ થાય છે. ભારતમાં લોકો આમાંની ઘણી પ્રવૃત્તિઓમાં પોતાને સામેલ કરીને તેમની આજીવિકા કમાય છે. આ પ્રવૃત્તિઓ આપણા અર્થતંત્ર માટે મહત્વપૂર્ણ છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં ભારતીય અર્થતંત્રમાં મોટી વૃદ્ધિ જોવા મળી છે. આ તેજીનો શ્રેય મોટાભાગે સર્વિસ સેક્ટરને જાય છે. કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓમાં પણ વૈશ્વિક ધોરણોને અનુરૂપ સુધારો કરવામાં આવ્યો છે અને વિવિધ ખાદ્ય ઉત્પાદનોની નિકાસમાં વધારો જોવા મળ્યો છે જેનાથી આર્થિક વૃદ્ધિમાં વધારો થયો છે.

નોટબંધી પછી ભારતીય અર્થતંત્રમાં સૌથી વધુ અસર ગ્રામીણ વિસ્તારોના લોકો પર થઈ હતી જેમની પાસે ઈન્ટરનેટ અને પ્લાસ્ટિક મની ઉપલબ્ધ નથી. તેનાથી દેશના ઘણા મોટા અને નાના ઉદ્યોગોને ખૂબ જ ખરાબ અસર થાય છે. આના પરિણામે તેમાંથી કેટલાયને બંધ કરવામાં આવ્યા હતા.

જ્યારે ડિમોનેટાઈઝેશનની ટૂંકા ગાળાની અસરો વિનાશક હતી, જ્યારે લાંબા ગાળાના પરિપ્રેક્ષ્યમાં જોવામાં આવે ત્યારે આ નિર્ણયની એક તેજસ્વી બાજુ હતી. ભારતીય અર્થતંત્ર પર ડિમોનેટાઈઝેશનની સકારાત્મક અસર કાળાં નાણાંનું ભંગાણ, નકલી ચલણી નોટોમાં ઘટાડો, બેંક ડિપોઝિટમાં વધારો, ડિમોનેટાઈઝેશનથી રિયલ એસ્ટેટ સેક્ટરમાં કાળાં નાણાંનો પ્રવાહ બંધ થયો જેથી ન્યાયી પ્રક્રિયા સુનિશ્ચિત થાય, ડિજિટલ વ્યવહારોમાં વધારો થાય.

આતંકવાદી પ્રવૃત્તિઓ માટે નાણાકીય સહાયમાં ઘટાડો. આપણા ઘણા ઉદ્યોગો રોકડ આધારિત છે અને અચાનક ડિમોનેટાઈઝેશનથી આ તમામ ઉદ્યોગો ભૂખે મરતા હતા. ઉપરાંત, આપણા ઘણા નાના પાયાના તેમજ મોટા પાયાના ઉત્પાદન ઉદ્યોગોને ભારે નુકસાન થયું છે જેનાથી દેશની અર્થવ્યવસ્થા પર નકારાત્મક અસર પડી છે. ઘણી ફેક્ટરીઓ અને દુકાનો બંધ કરવી પડી હતી. આની અસર માત્ર ધંધા પર જ નહીં પરંતુ ત્યાં કામ કરતા કામદારો પર પણ પડી. કેટલાય લોકોએ, ખાસ કરીને મજૂરોએ તેમની નોકરી ગુમાવી.

આઝાદી બાદ ભારતીય અર્થતંત્રમાં અનેક સકારાત્મક ફેરફારો થયા છે. તે સારી ગતિએ વધી રહ્યું છે. જો કે, આપણા દેશના ગ્રામીણ વિસ્તારો હજુ પણ અવિકસિત છે. આ વિસ્તારોની આર્થિક સ્થિતિ સુધારવા માટે સરકારે પ્રયત્નો કરવા જોઈએ.

**ભારતીય સમાજ અને અર્થતંત્રનો આધાર રાષ્ટ્રની એકતા છે. આ એકતાના પાયામાં છે રાષ્ટ્રની સાંસ્કૃતિક એકતા. સાંસ્કૃતિક એકતાના પાયામાં છે સનાતન ધર્મના મૂલ્યો જેના જતન થકી ભારતનો વિકાસ થશે. પરંતુ આજે અરાજકતાનો અંધકાર શા માટે?**

# જીવન જેવું જીવું છું, એવું કાગળ ઉપર ઉતારું છું

મનન ચિંતન
ભરત બાવીશી



અમૃત ઘાયલનો આ શેર : જીવન જેવું જીવું છું, એવું કાગળ ઉપર ઉતારું છું; ઉતારું છું, પછી એને થોડું ઘણું મઠારૂ છું. તફાવત એ જ છે, તારા અને મારા વિશે, જાહિદ! વિચારીને તું જીવે છે, હું જીવીને વિચારું છું. વારંવાર યાદ આવે છે. ક્યારેક જીવનના એવા મોડ પર આવીને ઊભા હોઈએ ત્યારે એમ થાય કે : "લાગે છે થાક એવો કે ક્યારે કવાટમાં, સમજી હવાને ભીત અડી જવાય છે."અમુક નાની મોટી સમસ્યાઓ આવે ત્યારે વારેવારે દુ:ખી થઈ જતું મન જ્યારે ખૂબ મોટી સમસ્યાથી ઘેરાઈ જાય ત્યારે દિગ્મૂઢ બની જાય છે. વિચારી વિચારીને જીવતા માણસને જ્યારે ખ્યાલ આવે છે કે આતો વણ વિચાર્યું થયું ત્યારે અચાનક વીજળી પડ્યા જેવું થાય છે. વિચારોના દ્વાર બંધ થઈ જાય છે, પછી જે પીડા થાય છે તે ઘાયલ કરે છે અને ત્યારે ઘાયલના શેર જાણે મલમ લગાડવા યાદ આવે છે. એ પણ વિચારેલું અને આ પણ વિચારેલું. પણ એ થાય એ પહેલાં આહ થઈ ગયું. સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું. અને ત્યારે ફરી યાદ આવે એ શેર :"તારો ખુદા કે નીવડ્યા બિન્દુય મોતીઓ, મારા કરમ કે અશ્રુઓ તોફાની નીકળ્યા!" ધાર્યું અણધાર્યું થાય ત્યારે આવું થાય છે. આખરે ધણીએ જે ધાર્યું હશે તે જ થશે એમ મન મનાવીને જીવન જીવવાનું થાય. અને એમ થાય કે "જો દર્દ છે તો દિલ છે, દિલ છે તો જિંદગી છે, ચાહું તો કેમ ચાહું ગમથી છુટકારો!" અંતે સમસ્યામાંથી બહાર નીકળવા મળતા ખોટા આશ્વાસન કે જુઠા વાયદા પણ જીવવા માટેનું કારણ બનતા હોય એમ :" ખોટી તો ખોટી હૈયાધારણ મને ગમે છે, એ ઝેર હોય, મારણ કે જીવન હોય કે તારણ તોય મને ગમે છે! " આગળ આપવીતીને બયાન કરતી પંક્તિઓ ખૂટે જ નહીં :" ગુસ્સે થયા જો લોક તો પથ્થર સુધી ગયા, પણ દોસ્તનો હાથ તો ખંજર સુધી ગયો !" અમુક ધારેલ વ્યક્તિ એવી અણધારી રોન કાઢીને તમને મુશ્કેલીમાં મૂકી દે છે ત્યારે ના કહેવાય ના સહેવાય એવી પરિસ્થિતિ નિર્માણ પામતી હોય છે. અને ઉલજનોને ઉકેલવા શું કરવું એ સુઝતું બંધ થઈ જાય છે. ક્યારેક તો વરવી વાસ્તવિકતાની કલ્પના કરતા હોઈએ ત્યારે પહેલા પસંદગીમાં ભૂલ ખાઈ ગયાનું ભાન થયા પછીની પસંદગીમાં ઉતાવળ ન થાય ત્યાં સુધી કાં ઝેર, કાં જીવન શું સરળ હશે એ જ કલ્પના કોરી ખાય. જેને હાથ ઊંચા જ કરી દેવા છે એને એક ઝાટકે બધું છટકી જાય છે, પણ જેને જીવવું છે, જીરવવું છે, બીજાનું પણ જોવું છે એનું જીવન ખૂબ કપરું થઈ જાય છે. કેમ વ્યક્ત કરવું, કેમ સમજાવવું એ સહેલું નથી. વહેલું નહિ તો મોડુય પણ જેને તરવું છે એને સામાં પાણીએ તરવા જેવું અઘરું તો છે જ. ભવિષ્યના સપનાઓ તો ઠીક વર્તમાન પણ ધૂળ થઈ જાય ત્યારે કોઈ નાનકડી આશા પણ થોડું એવું કહી જાય : "ખોટી તો ખોટી હૈયાધારણ મને ગમે છે, જળ હોય ઝાંઝવાના તો પણ મને ગમે છે !". સમય બદલે તો ભલે બદલે પણ આ ઈન્સાનના રંગ નહીં બદલે. હૃદય રંગાઈ જાય છે તો આ દુ:ખના ગીત ગવાય જાય છે. મુસીબતના દહાડા એ કસોટીના દહાડા છે. છે ખુમારી કોના મહી કેટલી એ જોવાય જાય છે. જીવન સારું જિગરની આહથી ફૂંકી દવ "ઘાયલ"કદી મારા ઉપર એવી ખાય જાય છે. છતાં પણ ફરી ઊંડે ઊંડેથી આશ નીકળે કે, સમય જતાં હૃદય બધું સહેવા ટેવાઈ જાય છે, ગમે એટલું દુ:ખ હો પણ જીવન જીવાય જાય છે. હૃદયના દર્દની વાતો કદી છાની નથી રહેતી, હૃદય ગભરાય ત્યારે નયન ભીંજાઈ જાય છે અને ફરી પાછા કાગળ અને કલમના સહારે : "જીવન જેવું જીવું છું, એવું જ કાગળ ઉપર ઉતારું છું, પછી એને થોડું ઘણું મઠારૂ છું."

કેમ ભૂલી ગયા? દટાયો છું
આ ઈમારતનો હુંય પાયો છું

હું હજી પૂર્ણ ક્યાં કળાયો છું
અડધોપડધો જ ઓળખાયો છું

વિસ્તર્યા વિણ બધેય છાયો છું
હું અજબ રીતથી ઘવાયો છું

આમ તો એક બિન્દુ છું કિન્તુ
સપ્તસિન્ધુથી સંકળાયો છું

સૂર્યની જેમ સળગ્યો છું વર્ષો
ચન્દ્રની જેમ ચોડવાયો છું

વઢ નથી વિપ્ર, આ જનોઈનો
આમ હું આડેધડ કપાયો છું

રામ જાણે શું કામ હું જ મને
સર્પની જેમ વીંટળાયો છું

એ જ છે પ્રશ્ન: કોણ કોનું છે
હું ય મારો નથી, પરાયો છું

સાચું પૂછો તો સત્યના પંથે
ખોટી વાતોથી દોરવાયો છું

ઊંચકે કોણ આ પંથ ભૂલ્યાને
આપ મેળે જ ઊંચકાયો છું

મીંડું સરવાળે છું છતાં "ઘાયલ"
શૂન્ય કરતાં તો હું સવાયો છું

# બનાસ ડેરીની પહેલ






ઝાકળનું એક બિંદુ
હિરેન હિરપરા



ગુજરાત રાજયમાં ડેરી ક્ષેત્રે સહકારી ડેરી બનાસ ડેરીએ પશુપાલકોને તો રોજી-રોટી આપવાનું કામ કર્યુ પરંતુ પશુ પાલન-વ્યવસાય સાથે પશુપાલક ખેડૂતોને પુરક રોજગારી આપવાના અનેક ક્ષેત્રો ખોલી દીધા છે. આજે બનાસ ડેરી રાજય બહાર પણ પોતાના દૂધ પ્લાન્ટ સ્થાપીને નવો વિક્રમ સર્જી રહી છે.

બનાસ ડેરી જિલ્લાના મોભાદાર સરકારી નેતાશ્રી શંકરભાઈ ચૌધરીની કુનેહ અને નિષ્ઠાએ રણપ્રદેશ અને કાયમી પાણીની તંગી ભોગવતા વિસ્તારને નવા વિઝન સાથે ઉગારી લીધો છે. શ્રી શંકરભાઈ ચૌધરીના નેતૃત્વમાં ડેરીક્ષેત્રના વિકાસે ગુજરાત અને દેશને નવી રાહ ચિંધી છે.

દૂધના વ્યવસાય સાથે બનાસ ડેરી ઉત્તમ કામગીરી કરી રહી છે. ઉપરાંત ડેરીના માધ્યમ થકી ખેડૂતોને ખેતીમાં અન્ય વ્યવસાય તરફ વાળીને ડબલ આવકના સિધ્ધાંત અને પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું ભારતના કિસાન સમૃધ્ધ હોય આ સ્વપ્નને સાકાર કરવા મધમાખી ઉછેરથી સ્વીટ ક્રાંતિ તરફ ખેડૂતોને આ ડેરીના માધ્યમ થકી વાળવામાં સફળતા મળી છે. અને અનેક ખેડૂતો મધમાખી પાલન કરીને બાય પ્રોડક્ટ તરીકે ખેત ઉત્પાદન કરતા મધ વેચીને સારામાં સારી આવક મેળવી રહ્યા છે. બનાસ ડેરી મધમાખી પાલન ક્ષેત્રે પણ વિવિધ સંશોધન કરી રહી છે. જેમા મધ પછી મીણ અને મધમાખીના ડંખમાંથી નિકળતુ વિષ આજે ખેડૂતો માટે કમાણીનું સાધન બનતુ જાય છે.

આજે દુનિયા પ્રદૂષણનો સામનો કરી રહી છે. ગ્લોબલ વોર્મિંગના હિસાબે શિયાળામાં તડકો, ઉનાળામાં વરસાદ અને ચોમાસામાં ગરમી અને વરસાદ જેવી સ્થિતીનું નિમાર્ણ થયુ છે. કુદરતના ગતિ ચક્રને તોડવાનું કામ કાળા માથાળા માનવીએ કર્યુ છે. જેનું પરિણામ આજે માનવજાતે ભોગવવાની શરૂઆત કરી દીધી છે.

આજે ખેતીમાં બેફામ વપરાતા પેસ્ટીસાઈડ અને રાસાયણિક ખાતરોના કારણે જમીન બંજર બની રહી છે. કેન્સર, ડાયાબિટીસ જેવી બીમારીનો ભોગ દિવસે અને દિવસે માનવજાત બનતી જાય છે. ત્યારે બનાસ ડેરી દ્વારા પણ પ્રાકૃતિક ખેતી તરફ ખેડૂતોને વાળવા માટે નવતર પ્રયોગ શ્રી શંકરભાઈ ચૌધરી દ્વારા કરવામાં આવ્યો છે.

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના દામા ગામ પાસે બનાસ ડેરી દ્વારા બાયો સી. એન.જી. ઉત્પન્ન કરીને તેના વેચાણ માટે પ્લાન્ટ નાખવામાં આવ્યો છે. આ પ્લાન્ટના હેડ પ્રિયંક મહેતાના જણાવ્યા અનુસાર આજે દામા ગામથી આજુબાજુના ૧૦ કિલોમીટર વિસ્તારમાં બનાસ ડેરી દ્વારા ખેડૂતો -પશુપાલકોના ઘર સુધી જઈને ૧ રૂપિયે કિલો ગોબર(છાણ) ખરીદવામાં આવે છે. તેના જણાવ્યા અનુસાર જેની પાસે જેટલા પશુ એટલુ ગોબર વધારે જેમાં ૫૦ કિલોથી લઈને ૭૦૦ થી ૮૦૦ કિલો ગોબર આપનાર પશુપાલકો છે. જેઓ ગોબર(છાણ) માંથી મહિને ૧૫૦૦૦ થી ૨૦૦૦૦ રૂપિયાની વધારાની આવક મેળવી રહ્યા છે. બનાસ ડેરી દ્વારા હાલ લગભગ દરરોજ ૩૨,૦૦૦ કિલો જેટલુ ગોબર(છાણ) ભેગુ કરવામાં આવી રહ્યુ છે. જેનાથી અત્ય આધુનિક સી.એન.જી. પ્લાન્ટમાં બાયો સી.એન.જી. ઉત્પન્ન કરવામાં આવે છે. અને તેમાથી લગભગ ૮૦૦થી ૧૦૦૦ કિલો જેવો બાયો સી.એન.જી. ગેસ મળે છે. જે સી.એન.જી. પમ્પ સ્ટેશન ઉપર વાહન માલિકોને વેચાણ કરવામાં આવે છે. જેના દ્વારા ફોરવ્હીલની સારી એવરેજ મળે છે. નવા સારા પ્લાન્ટ અલગ-અલગ વિસ્તારોમાં આગામી સમયમાં ઉભા કરવાની તૈયારી કરવામાં આવી રહી છે.

પ્રિયંક મહેતાએ જણાવ્યુ હતું કે, દૂધમાંથી જેમ માણસ પનીર, છાસ, ઘી બનાવે છે તેમ આજે પશુઓના ગોબરમાંથી પણ અલગ અલગ વેલ્યુએડીશન કરીને ફર્ટીલાઈઝર બનાવવામાં આવે છે.

બનાસકાંઠા જિલ્લામાં આજે પ્રગતિશીલ ખેડૂતો જ જોવા મળે છે. જિલ્લામાં ૯૯ ટકા ખેડૂતો ડ્રીપથી જ ખેતી કરે છે. જેના હિસાબે આજે બનાસકાંઠામાં ઉત્તમ ખેતી થઈ રહી છે. બનાસ ડેરી દ્વારા ગોબરમાંથી બાયો સી.એન.જી બનાવ્યા પછી ગોબરમાંથી રાસાયણિક ખાતરોની ગરજ સારી શકે તેવા ઓર્ગેનિક ફર્ટીલાઈઝરો બનાવવામાં આવે છે. જેના ડાય એમોનીયમ ફોસ્ફેટ ડી.એ.પી. ની ગરજ સારી શકે તેવા રોક ફોસ્ફેટ આધારીત પ્રોસ ખાતર બનાવવામાં આવે છે. જેમાં વિવિધ કલ્ચરના બેકટેરિયા ઉમેરીને ૫૦ કિલો બેગમાં વેચાણ કરવામાં આવે છે. તેમજ લીકવીડ સંજીવની ગ્રોથ પ્રમોટર તરીકે વેચાણ કરવામાં આવે છે.

નાઈટ્રોજનથી ખેતી સારી કરી શકાય તે માટે લીકવીડ સ્લરીન ખેતરમાં છંટકાવ કરીને સારો ફાયદો ખેડૂતો મેળવતા થયા છે. ડેરી દ્વારા ભાવ ૩૫ પૈસા પ્રતિ લીટરના છે. ખેડૂતોના ખેતર ઉપર આયરલેન્ડથી ડેરી દ્વારા મંગાવવામાં આવેલ ટેન્ડર સ્પ્રેયર દ્વારા ખેડૂતોના ખેતર ઉપર છંટકાવ કરી આપવામાં આવે છે.

આમ બનાસ ડેરી દ્વારા પ્રાકૃતિક ખેતીનું એક અભિયાન શરૂ કરવામાં આવ્યુ છે. જેમાં ખેડૂતો પ્રાકૃતિક ખેતી તરફ વળે તે માટેની પહેલ ડેરી કરી શકે છે.

-:તિખારો:-

**જે સંબધો તમને દુ:ખી કરે તે સંબધો તોડયા પછી એ રસ્તા ઉપર ક્યારેય જવાનું પસંદ ના કરતા. કારણ કે લાગણીના ઘા સમય આવ્યે એ ખોતરવાનું ભુલશે નહિ.**

Printed and Published by Vasantbhai Bavabhai Movliya on behalf of Director Sanjog India News Private Limited. Printed at Sanjog Press, Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi, near bypaas Amreli -365601 and published at Sanjog India News Private Limited keriya gam road opp. hanuman vadi near bypass amreli. Editor Vasantbhai Bavabhai Movliya Resident Editor : N. B. Desai (Responsible for the selection of News Under PRB Act (c). phone : 02792-225225, RNI .No.:GUJ GUJ/2017/75270, Title code : GUJ GUJ 16801

સંજોગ ન્યૂઝ
લીલોતરી

# અઠવાડિક ખેતી કાર્યો



મગફળી : ● પાનનાં ટપકાં અને ગેરૂ રોગના નિયંત્રણ માટે ટેબુકોનાઝોલ ૧૦ મિ.લિ./૧૦ લી. પાણીમાં નાખી ૧૫ દિવસના અંતરે બે છંટકાવ કરો.

● સેન્દ્રીય ખેતી માટે ૫૦% નાઈટ્રોજન છાણીયા ખાતરમાંથી તેમજ બાકીનો જૈવિક ખાતરો અને ફોસ્ફરસ માટે રોક ફોસ્ફેટ ૧૦૦ કિલો/હે. આપવું.

● મગફળીમાં ઘૈણ નિયંત્રણ માટે કલોરપાયરીફોસ હેકટરે ૪ લીટર પ્રમાણે પાણી સાથે આપવું. પિયત ન થઈ શકે તો પંપ દ્વારા નોઝલ કાઢી કલોરપાયરીફોસ (૧૦ લીટર પાણીમાં ૨૫ મિલી) પ્રવાહી મગફળીનાં મૂળ પાસે ડ્રેન્ચીંગ કરવું. અથવા ૪ લીટર દવા ૫ લીટર પાણીમાં ઓગાળી આ મિશ્રણને ૧૦૦ કિલો રેતીમાં ભેળવી ત્યારબાદ સુકવી અને રેતી એક હેકટર વિસ્તારમાં થડ પાસે મુકવી.

મૂળનો સડો / કોહવારો / મૂળખાઈ :

● જમીનજન્ય ફૂગથી થતો આ રોગ મૂળખાઈ, મૂળનો સડો કે મૂળના કહોવારાને નામે ઓળખાય છે. તે ખાસ કરીને ગોરાડુ અને રેતાળ જમીનમાં જોવા મળે છે. કાળી જમીનમાં આ રોગનું પ્રમાણ નહિવત હોય છે. ખાસ કરીને ભાદરવા માસના ઓતરા–ચિતરાના તાપમાં આ રોગનું પ્રમાણ વધારે જોવા મળે છે. રોગના મુખ્ય લક્ષણોમાં શરૂઆતમાં છોડ પાણીની ખેંચ અનુભવતો હોય તેવું લાગે છે. ખૂબ જ ટૂંકાગાળામાં એકાએક છોડ ઉપરથી પીળા પડી ચીમળાઈ જઈ સુકાઈ જાય છે. ખેતરમાં આ રોગ કૂંડાળામાં આગળ વધે છે જેને 'કૂંડી' કહેવામાં આવે છે. રોગિષ્ટ છોડને ખેંચીને ઉપાડવામાં આવે તો સહેલાઈથી ઉપડી જાય છે. આવા છોડનું નિરીક્ષણ કરતા તેના મૂળ કહોવાઈ જવાથી તેની છાલ સહેલાઈથી છૂટી પડી જાય છે. આદી મૂળ ભીના અને ચીકણા હોય છે. રોગની તીવ્રતા વધારે હોય તો છાલ બદામી અને કથ્થાઈ રંગની બની જાય છે. ફૂગથી થતો આ રોગ કપાસ, દિવેલા, તમાકુ, મગફળી અને ચોળાના પાકમાં જોવા મળે છે.

● આ રોગની અટકાયત માટે રોગ-પ્રતિકારક જાતોની પસંદગી અને બીજ માવજત અગત્યના ગણાય છે. દિવેલાની ગુજરાત સંકર દિવેલા–૨ અને ગુજરાત સંકર દિવેલા –૭, ૯ જાત મૂળખાઈ રોગ સામે પ્રતિકારક જણાયેલ છે. પાકના થડને ફરતે પાણી ભરાઈ ન રહે તેની કાળજી રાખવી. બીજને વાવતા પહેલા થાયરમ અથવા કેપ્ટાન (૩ ગ્રામ / કિલો બીજ) અથવા ટ્રાઈકોડર્મા (૧૦ ગ્રામ / કિલો બીજ)નોપટ આપી વાવણી કરવી. પુરતા પ્રમાણમાં સેન્દ્રિય ખાતરો (છાણિયું ખાતર, પ્રેસમડ, ખોળ) આપવા. લીલો પડવાશ કરવો. કપાસ સાથે આંતરપાક તરીકે મઠ અથવા અડદનું વાવેતર કરવાથી મૂળખાઈ રોગનું પ્રમાણ ઘટાડી શકાય છે. દિવેલા, કપાસ અને બીજા પાકોમાં જયાં શકય હોય ત્યાં મૂળના કહોવારા રોગની શરૂઆત થાય કે તરત જ કોપર ઓકઝીકલોરાઈડ ૫૦% વે.પા. (૪૦ ગ્રામ / ૧૦ લિટર પાણી) અથવા મેન્કોઝેબ ૭૫% વે.પા. (૨૭ ગ્રામ / ૧૦ લિટર પાણી)નું દ્રાવણ બનાવી થડ નજીક જમીનમાં ડ્રેન્ચિંગ કરવું. રોગિષ્ટ છોડને મૂળ સાથે ઉપાડી બાળીને નાશ કરવો. આ રોગ જમીનજન્ય ફૂગથી થતો હોય લાંબા ગાળાની પાકની ફેરબદલી કરવી. ઉનાળામાં હળની ઊંડી ખેડ કરવી જેથી જમીનની અંદર રહેલ રોગપ્રેરક ફૂગનો નાશ થાય.

કપાસ :-

● મૂળખાઈ મૂળનો સડો/ના નિયંત્રણ માટે કાર્બેન્ડાઝીમ ૧૦ ગ્રામ અથવા કોપર એક્સીકલોરાઈડ ૨૦ ગ્રામ ૧૦ લિટર પાણીમાં ભેળવી સૂકાતાં છોડની આજુબાજુ જમીનમાં મૂળ વિસ્તારમાં આપવું.

● સફેદ માખીની મોજણીમાં પીળા રંગની સ્ટીકી ટ્રેપ હેકટરે ૫ લગાવવી. ઈયળ વર્ગની જીવાતોની મોજણીમાં ફેરોમેન ટ્રેપ હેકટર દીઠ ૫ લગાવવી.

બીડી તમાકુઃ-

શેરડી :-

● શેરડીની રોપણી પછી ત્રીજા મહિને હલકાં કદનાં પાળા ચઢાવવા અને પાંચમાં મહિને ભારે કદનાં પાળા ચઢાવવાના પાહેલા ખાતરનો પુરતો જથ્થો આપી દેવો.

દિવેલાઃ-

● બિયારણનો દર :૬ કિલો / હેકટરે, બીજને બાવિસ્ટીન ૨ ગ્રામ અથવા થાયરમ ૩ ગ્રામ કિલો દિઠ પટ આપવો.

● પાકમાં રાસાયણિક ખાતર :૧૨૦+૫૦+૫૦ ના. ફો. પો. આપવું

● નાઈટ્રોજન અને પોટાશ પાયામાં ૫૦% તેમજ નાઈટ્રોજન બાકી રહેલ બે હપ્તામાં તથા પોટાશ ૪૫ દિવસે બાકીનો જથ્થો આપો.

● ખારા પાણીમાં દિવેલા ઉગાડવા જીસી-૩ જાતનું વાવેતર કરવા ભલામણ છે. રાસાયણિક ખાતર સાથે છાણીયું ખાતર૧૦ટન તથા જીપ્સમ ૩ ટન હેકટરે નાખવું.

બાગાયતઃ-

જામફળ :-

● જામફળનાં ઝાડ દીઠ ૩૭૫-૧૮૮-૧૮૮ ગ્રામ એન. પી.કે. દ્રાવ્ય ખાતર ચાર સરખા હપ્તામાં આપવું.

સરગવોઃ-

● જવાબ : સરગવાની ખેતી ૬ મીટર × ૬ મીટરના અંતરે અથવા ખેતરના શેઢા ઉપર ૬ મીટરના અંતરે તેના રોપા કે કટકાકલમ રોપા કરી શકાય છે. વાવણી બાદ જે તે જાત પ્રમાણે ૬ માસ બાદ શીંગો ચાલુ થાય છે.

● વર્ષ ઝાડ દીઠ ૪૦ થી ૬૦ કિ.ગ્રા. શીગોનું ઉત્પાદન મળે છે

આમળા :-

● આમળાના ફળો ઉપર કાળા ડાઘા પડવા માંડે છે તો બોરોન તત્વની ઉણપને લીધે ફળના માવામાં ભૂખરા કાળા ડાઘ પડે છે. તેના નિયંત્રણ માટે ૧૦ લીટર પાણીમાં ૩૦ ગ્રામ બોરેક્ષા પાઉડર ભેળવીને ફળ નાના હોય ત્યારે ૧૫ દિવસના અંતરે છંટકાવ કરવો અથવા જૂન માસમાં ખાતરની સાથે ઝાડ દીઠ ૧૦૦ ગ્રામ પ્રમાણે બોરેક્ષા પાઉડર આપવો.

પિયત :-

● જમીન પર સફેદ પારદર્શક પ્લાસ્ટિકનું આવરણ કરવાથી જમીનનું તાપમાન વધે છે અને જમીનમાં રહેલ જીવાણુઓ નાશ પામે છે અને જમીનજન્ય રોગો અટકે છે .તેને સોઈલરાઝેશન કહે છે.

● પ્લાસ્ટિકનો ખેતીવાડીમાં જમીનનું ધોવાણ અટકાવવા, ગ્રીનહાઉસ, મલ્ચીગ, પેકેજીંગ, ફુડ ઈન્ડસ્ટ્રીઝ, ખેત ઓજારમાં, પિયત પદ્ધતિમાં, પ્રાણીઓનાં શેડ બનાવવા વગેરેમાં ઉપયોગ થાય છે.

પશુપાલનઃ

જાનવરોની કઈ જાતો રાખવાથી વધુ ઉત્પાદન મળશે. ?

● પશુઓમાં ગાયોમાં ગીર અને કાંકરેજ ઓલાદો સારી છે.

● જેમાં ગીરની ઓલાદો શુધ્ધ સ્વરૂપમાં ખાસ કરીને જૂનાગઢ, અમરેલી, ભાવનગર, જામનગર, અને રાજકોટ જીલ્લાઓમાં

● જ્યારે કાંકરેજ ઓલાદના જાનવરો મહેસાણા, અમદાવાદ, સાબરકાંઠા, ખેડા,વડોદરા, ભરૂચ, અને સુરત જીલ્લાઓમાં જોવા મળે છે.

● ગીર ગાયો વેતરના કુલ ૩૦૦ થી ૩૭૫ દિવસમાં ૨૫૦૦ થી ૩૦૦૦ લિટર દૂધ આપતી નોંધાયેલ છે

● કાંકરેજ ગાયો ૨૭૫ થી ૩૧૫ દિવસમાં ૨૨૦૦ થી ૨૫૦૦ લિટર દૂધ આપે છે.

● પશુઓમાં ભેંસોની જાફરાબાદી, સુરતી અને મહેસાણી ઓલાદો સારી છે.

● જાફરાબાદી ભેંસો એક વેતરમાં ૩૨૦ થી ૩૫૦ વેતરના દિવસોમાં સરેરાશ ૨૫૦૦ થી ૨૮૦૦ લિટર

● સુરતી ભેંસો ૩૦૦ દુઝણા દિવસોમાં સરેરાશ ૨૦૦૦ થી ૨૩૦૦ લિટર

● મહેસાણી ભેંસો ૩૧૦ દુઝણા દિવસોમાં ૨૨૦૦ થી ૨૫૦૦ લિટર દૂધ આપે છે.

● આ ઉપરાંત બન્ની ભેંસો પણ દૈનિક ૧૨-૧૫ લિટર જેટલું સારૂ દૂધ ઉત્પાદન આપે છે.

ડો.જી.આર. ગોહિલ,
કૃષિ યુનિવર્સીટી જુનાગઢ

# ભારતમાં ફૂડ પ્રોસેસિંગ



ભારતમાં ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગને નીચે પ્રમાણે વિભાજિત કરી શકાય છેઃ

૧.અનાજ/કઠોળ પીસવું

૨.ફળ અને શાકભાજીની પ્રક્રિયા

૩.દૂધ અને દૂધની બનાવટો

૪.કોફી, ચા અને કોકો જેવા પીણાં

૫.માછલી, મરઘાં, ઇંડા અને ઉત્પાદનો

૬.માંસ અને માંસ ઉત્પાદનો

૭.વાયુ યુક્ત પાણી/ સોફ્ટડ્રિંક્સ, બીયર/ આલ્કોહોલિક પીણાં

૮.બ્રેડ, બિસ્કીટ અને અન્ય બેકરી ઉત્પાદનો

૯.ખાદ્ય તેલ/ચરબી.

૧૦.કન્ફેક્શનરી

ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝમાં સમસ્યાઓ

હાલમાં મોટાભાગના ઉદ્યોગો અસંગઠિત ક્ષેત્રોમાં છે. તેથી, ઉદ્યોગોના વિવિધ વિભાગોમાંથી સંખ્યાબંધ સમસ્યાઓ ઊભી થઈ રહી છે. ભારતીય ખાદ્ય ઉદ્યોગો દ્વારા વિવિધ સ્તરે સામનો કરવામાં આવતી કેટલીક મૂળભૂત સમસ્યાઓ નીચે આપેલ છે.

ફાર્મ સ્તરની સમસ્યાઓ

● ખેત પેદાશોની નબળી ઉપજ અને તેથી ઓછું વળતર.

● વિકાસ માટે જરૂરી ભૌતિક સંસાધનોનો અભાવ.

● ખેતીની આદિમ પદ્ધતિઓ.

● ઈનપુટ્સની ગુણવત્તા પર કોઈ નિયંત્રણ નથી અને વ્યવસ્થા કરવા માટે નાણાંનો અભાવ છે.

● હવામાનની અસ્પષ્ટતા.

● વિશ્વસનીય હેન્ડલિંગ અને ટ્રાન્સપોર્ટેશન સિસ્ટમની અનુપલબ્ધતા.

● ખેતરમાં સંગ્રહની સુવિધાનો અભાવ.

વિતરકોની સમસ્યાઓ

● આધુનિક પરિવહન સુવિધાઓનો અભાવ અને ઊંચી કિંમત

● અપૂરતી કોલ્ડ સ્ટોરેજ ફેકલ્ટી

● ખેતપેદાશોની અનિયમિત ગુણવત્તા અને જથ્થો

● પ્રોસેસિંગ ઉદ્યોગોની સમસ્યા

ધિરાણની સમસ્યાઓ

● ઉચ્ચ આયાત શુલ્ક

● કાચા માલ અને પેકેજિંગની ઊંચી કિંમત

● અપૂરતી પરિવહન અને કોલ્ડસ્ટોરેજ સુવિધાઓ

● રેફ્રિજરેટેડ કન્ટેનરની ભાગ્યે જ ઉપલબ્ધતા

● આશ્ચર્યજનક જાહેરાત ખર્ચ

● મર્યાદિત સ્થાનિક બજાર

ઉપભોક્તા અસંતોષ

● ભાવમાં તફાવત એ રોજિંદી બાબત છે

● મોસમી ઉત્પાદનો પર સતત નિર્ભરતા

● તૈયાર સુવિધાયુક્ત ખોરાકની વિવિધતાનો અભાવ.

ભારતમાં પ્રોસેસ્ડ ફૂડ્સની ધીમી વૃદ્ધિના કારણો

● મોટાભાગની વસ્તી ઓછી આવક ધરાવતી હોય છે અને પ્રોસેસ્ડ ફૂડ પરવડી શકે તેમ નથી.

●પૅકેજિંગની ઊંચી કિંમત પ્રોસેસ્ડ વસ્તુઓની કિંમતમાં વધારો કરે છે, આમ તેને સામાન્ય માણસની પહોંચની બહાર બનાવે છે.

●ભારતીયો પરંપરાગત રીતે સાચવેલા ખોરાકનો ઉપયોગ કરવાને બદલે રાંધેલા તાજા ખોરાકને પસંદ કરે છે.

● ખાદ્ય આદતો માટે પણ કોઈ રાષ્ટ્રીયપાત્ર નથી અને તે દરેક પ્રદેશમાં બદલાતી રહે છે.

● જોકે, કેટલાક ખાદ્ય પદાર્થો, ખાસ કરીને ફાસ્ટફૂડ, રાષ્ટ્રીયપાત્ર પ્રાપ્ત કરીને દશ્ય બદલાઈ રહ્યું છે. તેમજ કેટલાક ખાદ્ય પદાર્થો જેમ કે ઈડલી, ઢોસા, કેટલાક પંજાબી ખાદ્યપદાર્થો જેમ કે છોલે, આલુ મટર વગેરે, કેટલાક ચાઈનીઝ ફૂડ્સઅને હવે બર્ગર અને પિઝા જેવા પશ્ચિમી ખોરાક ઝડપથી રાષ્ટ્રીય લોકપ્રિયતા મેળવી રહ્યા છે.

● વાહનવ્યવહાર (બંને માર્ગ અને રેલ્વે) અને સંદેશા વ્યવહાર નબળી છે.

● ફળો અને શાકભાજી, આઈસ્ક્રીમ વગેરે જેવા તાપમાન સંવેદનશીલ ખોરાક માટે જરૂરી એવી કોઈ વિશ્વસનીય કોલ્ડ ચેઈન નથી.

● નાના પાયાના ઉત્પાદકો માટે આધુનિકી કરણ પર વડે તેમ નથી પરંતુ બજારના નાના કદને કારણે મોટી કંપનીઓને રોકાણ વ્યાજબી લાગતું નથી.ફૂડ પ્રોસેસિંગ ઈન્ડસ્ટ્રીઝમાં સુધારા અને સૂચનો

●સ્ટોરેજ કેપેસિટી અને ઈન્ફ્રાસ્ટ્રક્ચર વધારવું જોઈએ.

●સારી કૃષિ પ્રથા સાથે કૃષિસુવિધાનો વિકાસ કરો જે મુખ્ય ખાદ્યપાકમાંથી પાકના વૈવિધ્યકરણ તરફ દોરી જાય છે.

●ખેડૂતો માટે પછાત જોડાણો વધુ મજબૂત બનાવવાની જરૂર છે. કોન્ટ્રાક્ટ ફાર્મિંગને પ્રોત્સાહન મળી શકે છે. મોડલ કોન્ટ્રાક્ટ ફાર્મિંગ એક્ટ,૨૦૧૮ અનુસાર, કોન્ટ્રાક્ટ સપ્લાય કરવામાં આવતા ઉત્પાદનોની માત્રા, ગુણવત્તા અને કિંમતનો ઉલ્લેખ કરશે. આ ખેડૂતોને ભાવની અસ્થિરતાથી બચાવશે, ગુણવત્તા પ્રતિબદ્ધતાને આધીન.

●કૌશલ્ય બે સ્તરે જરૂરી છે. કૃષિની શ્રેષ્ઠ પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા અને પ્રક્રિયા કરવાની પ્રવૃત્તિઓમાં પ્રથમ ફાર્મ ગેટ પર.

● જાહેર રોકાણ અને કનેક્ટિવિટી વધારવી જોઈએ.

● કતલ પ્રાણીઓના નિયમો એક વ્યાપક નીતિ માળખામાં ઘડવામાં આવે.

● ફાર્મ પેટર્ન વૈવિધ્યકરણ જે પાકોના સતત સમૂહ સિવાયના વિવિધ પાકોના ઉત્પાદન તરફ દોરી જાય છે જે ઘણી નોકરીની તકો ઉભી કરે છે.

● બીજી હરિત ક્રાંતિને વૈવિધ્યસભર ટેકનોલોજી સાથે અપડેટ કરવી જોઈએ.

● આપણે આંતરરાષ્ટ્રીય કંપનીઓ કરતાં સ્થાનિક સ્ટાર્ટઅપ અને ઉદ્યોગને પ્રોત્સાહન આપવું પડશે.

● કેન્દ્ર અને રાજ્ય વચ્ચે સેન્ટર ઓફ એક્સલન્સ હોવુ જોઈએ.

● આવનારા સાહસિકો માટે વધુ તાલીમ સંસ્થાઓ હોવી જોઈએ અને તે તમામ રાજ્યોમાં હોવી જોઈએ. આવનારા ઉદ્યમીઓને શિષ્યવૃત્તિ આપવી જોઈએ.

● તાલીમ સંસ્થાઓમાં નવી ટેકનોલોજી અપડેટ થવી જોઈએ અને કૌશલ્ય વિકાસને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવી જોઈએ.

ફૂડ પ્રોસેસિંગના અસંખ્ય ફાયદા છે જે ભારતીય સંદર્ભ માટે વિશિષ્ટ છે. તે લાખો લોકોને ગરીબી અને કુપોષણમાંથી બહાર કાઢવાની ક્ષમતા ધરાવે છે. સરકારે સ્થાનિક અને વિદેશી મૂડી રોકાણને આકર્ષવાની સાથેના ના પાયાના ઉદ્યોગોના હિતોને ધ્યાનમાં રાખીને ઉદ્યોગનો વિકાસ કરવો જોઈએ. ભારતમાં સમગ્ર ખાદ્ય મૂલ્ય સાંકળ બહુવિધ મંત્રાલયો, વિભાગો અને કાયદાઓ દ્વારા નિયંત્રિત છે. એક વ્યાપક નીતિ સુનિશ્ચિત કરશે કે સમગ્ર વિભાગોમાં વિવિધ પહેલ ખાદ્યપદાર્થોની ઉપલબ્ધતા, જાગરૂકતા, પોષણક્ષમતા, ઍક્સેસ, ગુણવત્તા અને સલામતી સુનિશ્ચિત કરવાના એકંદર લક્ષ્ય સાથે જોડાયેલી છે. એક અબજથી વધુ લોકો માટે ખાદ્ય સુરક્ષા સુનિશ્ચિત કરવાના લક્ષ્યાંક માટે સરકાર અને ફૂડ પ્રોસેસિંગ ઉદ્યોગ સહિત તમામ હિસ્સેદારો દ્વારા સંકલિત પ્રયાસની જરૂર છે. આ પહેલની સફળતામાં ખાનગી ખેલાડીઓ અને સરકાર ઉપરાંત, ઉદ્યોગ સંસ્થાઓ અને શૈક્ષણિક સંસ્થાઓની પણ નિર્ણાયક ભૂમિકા હશે.

શ્રી ડી. એન. પડાળિયા
ડો. જે.વી. ચોવટીયા
ડો. એચ.સી.છોડવડીયા
કુ. ડી. એ. પડાળિયા
વિસ્તરણ શિક્ષણ વિભાગ,
જૂનાગઢ કૃષિ યુનિવર્સિટી,
જૂનાગઢ ૩૬૨૦૦૧

# સોયાબીનની જીવાતો અને તેનું સંકલિત જીવાત વ્યવસ્થાપન



ભારતમાં સોયાબીનનું વાવેતર અંદાજે ૭૬ લાખ હેકટરમાં થાય છે, મધ્યપ્રદેશ, ઉત્તરપ્રદેશ, મહારાષ્ટ્ર, રાજસ્થાન, કર્ણાટક અને આંધ્રપ્રદેશએ સોયાબીન ઉગાડતા મુખ્ય રાજ્યો છે. આપણા રાજયમાં દક્ષિણ ગુજરાતમાં આ પાકનું નજીવા પ્રમાણમાં વાવેતર થાય છે. સોયાબીનમાં આશરે ૪૦ થી ૪૨ ટકા પ્રોટીન તથા ૧૮ થી ૨૨ ટકા તેલ રહેલ હોય છે. સોયાબીનનો પાક ખુબ જ ઉપયોગી છે અને આ પાકમાં ઘણી જીવાતોનો ઉપદ્રવ જોવા મળે છે તેના નુકસાનની ઓળખ અને વ્યવસ્થાપનના પગલા નીચે મુજબ છે.

૧. થ્રિપ્સઃ- આ જીવાત નાની, શંકુ આકારની ફીક્કા પીળા રંગની હોય છે. બચ્ચાં નાના અને પાંખો વગરના હોય છે. આ જીવાતના પુખ્ત અને બચ્ચાં પાન ઉપર પુષ્કળ સંખ્યામા જોવા મળે છે,

નુકસાનઃ-આ જીવાતના બચ્ચા પાનમાં ઘસરકા પાડી તેમાંથી ઝરતો રસ ચૂસે છે. આવા વધારે પડતા ઘસરકા પડેલા પાનનાં ભાગ પાછળથી સફેદ ધાબામાં ફેરવાઈ જાય છે.

૨. લીલા તડતડીયાઃ- આ જીવાતને ખેડૂતો ''લીલી પોપટી'' અથવા ''લીલી ટીડડી'' ના નામથી ઓળખે છે. પુખ્ત કીટક આછા લીલા રંગના ફાચર આકારના હોય છે, જે પાન ઉપર લાક્ષણિક ઢબે ત્રાંસા ચાલે છે.

નુકસાનઃ- બચ્ચાં તેમજ પુખ્ત કીટક પાનની નીચેની સપાટી ઉપર રહી પાનમાંથી રસ ચૂસે છે. વધુ ઉપદ્રવ હોય તો પાન કોકડાઈ જઈ પાનની ધાર નીચે વળી જાય છે તથા પર્ણિકાઓ કોડીયા આકારની થઈ જાય છે. ૩. સફેદમાખીઃ-આ કીટક સફેદ પાંખોવાળું અને પીળા રંગના ઉદરપ્રદેશ ધરાવતું હોય છે.

નુકસાનઃ- બચ્ચાં અને પુષ્ટ બંને પાનની નીચેની સપાટીએ રહીને રસ ચૂસે છે જેથી છોડનો વિકાસ બરાબર થતો નથી. ઘણી વખત આ જીવાતનો ઉપદ્રવ ખૂબ જ વધી જાય છે ત્યારે છોડનો વિકાસ અટકી જાય છે અને ઉત્પાદન પર માઠી અસર થાય છે.

સંકલિત વ્યવસ્થાપન

● સોયાબીનના બીજને વાવતા પહેલા ઈમિડાકલોપ્રીડ ૬૦૦ એફ.એસ. ૯ મિ.લિ. પ્રતિ કિલો મુજબ બીજ માવજત આપવી જેથી શરૂઆતમાં ચુસીયા જીવાતો સામે રક્ષણ મળી શકે.

● લીંબોળીના મીંજનો ભૂકો ૫૦૦ ગ્રામ (૫% અર્ક) અથવા લીમડા આધારિત તૈયાર દવા ૨૦ મિ.લિ. (૧ ઈસી) થી ૪૦ મિ.લિ. (૦.૧૫ ઈસી) ૧૦ લિટર પાણીમા ભેળવી છંટકાવ કરવો.

● વધુ ઉપદ્રવ વખતે ઈમિડાકલોપ્રીડ ૧૭.૮ એસ .એલ. ૪ મિ.લિ., થાયોમેથોકાઝામ ૨૫ ડબલ્યુજી ૪ ગ્રામ, એસીટામિપ્રીડ ૨૦ એસપી ૨ ગ્રામ અથવા એસીફેટ ૭૫ એસપી ૧૦ ગ્રામ અથવા ડાયફેનન્થૂરોન ૫૦% વે.પા. ૧૦ ગ્રામ અથવા ટ્રાયઝોફોસ ૪૦ ઈસી ૨૦ મિ.લિ. પૈકી કોઈપણ એક દવા ૧૦ લિટર પાણીમાં ભેળવી છંટકાવ કરવો.

૪. પાનકથીરી :- વિવિધ ખેતી પાકોમાં નુકસાન કરતી જીવાતો કીટક સિવાયની જીવાતોમાં પાનકથીરી અગત્યની ચૂસિયાં પ્રકારની જીવાત છે જે ચાર જોડી પગ ધરાવતી હોવાથી કીટક કરતાં જુદી પડે છે. પાન કથીરી રતાશ પડતા લાલ રંગની, સૂક્ષ્મ કદની, લંબગોળ આકારની અને નરી આંખે સહેલાઈથી જોઈ ન શકાય તેવી હોય છે.

નુકસાનઃ- બચ્ચાં અને પુષ્ઠ પાનની નીચેની બાજુએ રહી રસ ચૂસી નુકસાન કરે છે. બચ્ચાં અને પુખ્ત અવસ્થા કોલોની સ્વરૂપે નીચેની બાજુએ રહી રસ ચૂસીને નુકસાન કરે છે. વધુ ઉપદ્રવ હોય તો બારીક રેશમી તાતણાંઓના જાળા પણ જોવા મળે છે. પરિણામે પાન પર અસંખ્ય સફેદ ડાઘા જોવા મળે છે. આ જીવાતના નુકસાનથી છોડની વૃદ્ધિ તથા ઉત્પાદન પર વિપરીત અસર થતી હોય છે.

(ક્રમશઃ)

એમ. કે. કાનાણી, ડો. વી. સી. ગઢીયા,
ડો. કે. ડી. શાહ અને જે.એલ. સાંગાણી
જુનાગઢ કૃષિ યુનિવર્સિટી

ખેતીના તમામ પાક માટે ઉપયોગી
ગાય આધારિત પ્રવાહી પ્રોડક્ટ



૧૦૦ ટકા ઓર્ગેનિક ૧૫ એમએલનું પાઉચ ૧૫ લીટરના એક પંપ માટે જરૂરી. ખેતી ખર્ચ ઘટાડો, રેગ્યુલર છંટકાવ કરો.

આપના ગામમાં કામગીરી માટે સંપર્ક કરો....
મો.૯૪૨૬૯૮૯૫૭૬

રિવ્યુ કરવાના બહાને છેતરપિંડી કરતા હતા; આતંકવાદી સંગઠન હિઝબુલ્લા સાથે પણ કનેક્શન

# હૈદરાબાદમાં ૭૧ ૨ કરોડની ચાઈનીઝ છેતરપિંડીનો પર્દાફાશ: ૯ની ધરપકડ કરાઈ

(એ.આર.એલ),હૈદરાબાદ,તા.૨૩



હૈદરાબાદમાં પોલીસે ૭૧૨ કરોડ રૂપિયાની ચાઈનીઝ છેતરપિંડીનો પર્દાફાશ કર્યો છે. જેમાં રિવ્યુના બહાને કમાવાની લાલચ આપીને લોકો સાથે છેતરપિંડી કરવામાં આવતી હતી. આ મામલામાં દેશભરમાંથી ૯ લોકોની ધરપકડ કરવામાં આવી છે, જેઓ ચાઈનીઝ ઓપરેટિવના કહેવા પર કામ કરતા હતા. પોલીસના જણાવ્યા અનુસાર, છેતરપિંડી સંબંધિત કેટલાક ક્રિપ્ટો વોલેટ ટ્રાન્ઝેક્શનની આતંકવાદી સંગઠન હિઝબુલ્લાહ વોલેટ સાથે પણ એક લિંક મળી આવી છે. આ વોલેટ ટેરર ફાયનાન્સ મોડ્યુલ સાથે જોડાયેલું છે. પોલીસે આરોપીઓ પાસેથી ૧૭ મોબાઈલ ફોન, ૨ લેપટોપ, ૨૨ સિમ કાર્ડ, ૪ ડેબિટ કાર્ડ, ૩ ચેકબુક અને ૩૩ કંપનીઓ સાથે સંબંધિત દસ્તાવેજો જપ્ત કર્યા છે. પોલીસે આરોપીઓ પાસેથી ૧૭ મોબાઈલ ફોન, ૨ લેપટોપ, ૨૨ સિમ કાર્ડ, ૪ ડેબિટ કાર્ડ, ૩ ચેકબુક અને ૩૩ કંપનીઓ સાથે સંબંધિત દસ્તાવેજો જપ્ત કર્યા છે. સાયબર ક્રાઈમ પોલીસે હૈદરાબાદના એક વ્યક્તિની ફરિયાદ પર કેસ નોંધ્યો હતો. તે વ્યક્તિને ટેલિગ્રામ પર રિવ્યુ કરવા માટે પાર્ટ ટાઈમ જોબ ઓફર કરવામાં આવી હતી. તેણે વિશ્વાસ મૂક્યો અને વેબસાઈટ પર રજીસ્ટ્રેશન કરાવ્યું હતું. શરૂઆતમાં, તેને હજાર રૂપિયાનું રોકાણ કરવા માટે કહેવામાં આવ્યું હતું અને વસ્તુઓને રેટિંગ આપવાનું એક સરળ કામ આપવામાં આવ્યું હતું.

# મણિપુરમાં ફરી હિંસા ભડકી, ચુરચાંદપુરમાં બે જૂથ વચ્ચે ગોળીબાર, સુરક્ષાદળો તૈનાત

મણિપુરમાં લાંબા સમયથી ચાલી રહેલી હિંસા, આદિવાસી વિસ્તારોમાં બંધનું આયોજન કરવામાં આવશે

(એ.આર.એલ),ઈમ્ફાલ,તા.૨૩



મણિપુરમાં બે સમુદાયો વચ્ચે અથડામણ દરમિયાન ભીષણ ગોળીબારની ઘટના બની હતી. ફાયરિંગ બાદ વિસ્તારમાં તણાવ ફેલાઈ ગયો છે અને ત્યાં શાંતિ જાળવવા માટે સુરક્ષાદળોને સ્થળ પર તૈનાત કરવામાં આવ્યા છે. મે મહિનાની શરૂઆતમાં મણિપુરમાં બે સમુદાયો વચ્ચે આ વિસ્તારમાંથી હિંસા શરૂ થઈ હતી. મણિપુરમાં ચુરચાંદપુર હિંસાનું મુખ્ય કેન્દ્ર છે. ત્યારે રાજધાની દિલ્હીમાં હિંસા વિરુદ્ધ ઉગ્ર પ્રદર્શનો થઈ રહ્યા છે. બીજી તરફ મણિપુરમાં લાંબા સમયથી ચાલી રહેલી જાતિ હિંસા અને મહિલાઓ પર થતા અત્યાચારના વિરોધમાં રવિવારે ગુજરાતના આદિવાસી વિસ્તારોમાં બંધનું આયોજન કરવામાં આવશે. પૂર્વોત્તર રાજ્યમાં પરિસ્થિતિને કાબુમાં લેવામાં રાજ્યની ભાજપ સરકારની નિષ્ફળતાના વિરોધમાં કોંગ્રેસે બંધને સમર્થન આપવાનું નક્કી કર્યું છે. ગુજરાતના આદિવાસી બહુલ જિલ્લાઓમાં આદિવાસી એકતા મંચ સહિત અનેક આદિવાસી સંગઠનો દ્વારા બંધનું એલાન આપવામાં આવ્યું છે. આ કેસમાં ધરપકડ કરાયેલા ચાર આરોપીઓને શુક્રવારે ઉત્તરપૂર્વીય રાજ્ય મણિપુરમાં બે મહિલાઓની નગ્ન પરેડ મામલે વિરોધ વચ્ચે શુક્રવારે ૧૧ દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલવામાં આવ્યા હતા.

ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક

# દેશમાં સૌથી લાંબા સમય સુધી મુખ્યમંત્રી પદે રહેનાર બીજા ક્રમના નેતા

નવીદિલ્હી,તા.૨૩




ભારતના પૂર્વના દરિયા કિનારો ધરાવતા રાજ્ય ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે નવો રેકોર્ડ બનાવ્યો છે. બીજુ જનતા દળના નેતા નવીન પટનાયક રવિવાર, ૨૩ જુલાઈ, ૨૦૨૩ના રોજ ભારતના કોઈપણ રાજ્યમાં સૌથી લાંબા સમય સુધી સતત મુખ્યમંત્રી પદે રહેનાર બીજા ક્રમના સ્ટેટ ચીફ મિનિસ્ટર બન્યા છે. નવીન પટનાયક કોઈ રાજ્યમાં સતત લાંબા સમય સુધી મુખ્યમંત્રી પદે રહેનાર બીજા ક્રમના નેતા બન્યા છે. ચાર મહિના અને ૧૯ દિવસથી ઓડિશાના મુખ્યમંત્રી પદે છે. આટલા લાંબા કાર્યકાળ સાથે તેઓ મુખ્યમંત્રી તરીકે સૌથી વધુ સમય સુધી ઓડિશાના લોકોની સેવા કરવાનો રેકોર્ડ ધરાવે છે. ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયક છેલ્લા ઘણા વર્ષોથી સતત તેમના રાજ્યના લોકોની સેવા કરી રહ્યા છે.

# સ્વતંત્રતા દિવસની ઉજવણીમાં ભાગ લેવા ચીન સરહદ નજીકના ૬૬૨ ગામોના સરપંચોને આમંત્રણ

સરકારે ૧૫મી ઓગસ્ટે સ્વતંત્રતા દિવસના અવસર પર વિશેષ તૈયારીઓ કરી છે


(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૩



ભારત ૧૫ ઓગસ્ટ, ૨૦૨૩ના રોજ ૭૭મો સ્વતંત્રતા દિવસ ઉજવશે. આ વખતના સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પર ખાસ મહેમાનો દેખાશે અને તે માટે વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ વખતે આઝાદી પર્વની ઉજવણીમાં સામેલ ચીનની સરહદને અડી આવેલા અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને લદ્દાખના લગભગ ૬૬૨ ગામોના સરપંચોને આમંત્રણ મોકલવામાં આવ્યું છે. આ ગામોને કેન્દ્ર સરકારના વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. આ વખતે કેન્દ્ર સરકારે ૧૫મી ઓગસ્ટે સ્વતંત્રતા દિવસના અવસર પર વિશેષ તૈયારીઓ કરી છે. જેમાં કેટલાક ખાસ મહેમાનોને સામેલ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. આ ખાસ મહેમાનો અરુણાચલ પ્રદેશ, સિક્કિમ, ઉત્તરાખંડ, હિમાચલ પ્રદેશ અને લદ્દાખમાં ચીન સરહદે આવેલા લગભગ ૬૬૨ ગામોના સરપંચો છે. તે કેન્દ્રના વાઈબ્રન્ટ વિલેજ પ્રોગ્રામ હેઠળ આવે છે. આ માટે ઈન્ડો-તિબેટિયન બોર્ડર પોલીસે તૈયારીઓ શરૂ કરી દીધી છે. આઈટીબીપી હેડક્વાર્ટરે આ જિલ્લાઓમાં તેમના કર્મચારીઓને લાયઝન ઓફિસર તરીકે નિયુક્ત કરવા સૂચના આપી છે.

# માર્ગ અકસ્માતમાં ઘાયલ સાવરકુંડલા નગરપાલિકાના ઉપપ્રમુખનું નિધન

સાવરકુંડલા,તા.૨૩



થોડા દિવસ પૂર્વે ગાંધીનગર ખાતે યોજાયેલા મુખ્યમંત્રીના કાર્યક્રમમાંથી પરત સાવરકુંડલા આવી રહેલા સાવરકુંડલા નગરપાલિકાના ઉપપ્રમુખ અને પૂર્વ શહેર ભાજપ મહામંત્રી જયસુખભાઈ નાકરાણી અને કર્મચારીઓનો બગોદરા પાસે ગંભીર અકસ્માત થયો હતો. જ્યાંથી ઘાયલોને અમદાવાદ હોસ્પિટલમાં સારવારમાં લઈ જવાયા હતા. તેમાં છેલ્લા બે દિવસથી આઈસીયુમાં વેન્ટીલેટર પર રહેલા જયસુખભાઈ નાકરાણીએ આજે અંતિમ શ્વાસ લીધા હતા. તેમના દુઃખદ નિધનથી પરિવાર, સાવરકુંડલા નગરપાલિકાના સદસ્યો, કર્મચારીઓ, સહયોગીઓ, કાર્યકર્તાઓ અને ભારતીય જનતા પાર્ટીના કાર્યકરોમાં દુઃખની લાગણી પ્રસરી જવા પામી છે.

# કોડીનાર તાલુકાના ડોળાસામાં ભારે વરસાદથી ખેતરો તળાવમાં ફેરવાયા

ડોળાસા,તા.૨૩



તસવીર : અનિલ કાનાબાર

રાજ્યભરમાં છેલ્લા એક મહિનાથી વધારે સમયથી અનરાધાર વરસાદ પડી રહ્યો છે, જે અટકવાનું નામ નથી લઈ રહ્યો ત્યારે કોડીનાર તાલુકા પંથકમાં પણ ભારે વરસાદથી જનજીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયુ છે અને ખેડૂતો સહિત લોકો ભારે હાલાકી વેઠી રહ્યા છે. ડોળાસા વિસ્તારમાં એક દિવસ થોડી રાહત બાદ આજે ફરી વરસાદ ખાબકતા સર્વત્ર પાણી પાણી થઈ ગયું હતું. ભારે વરસાદથી શરીઓમાં નદીની જેમ પાણી વહી નીકળ્યા હતા. જ્યારે ખેતરો તો તળાવમાં ફરવાઈ ગયા હતા. સતત વરસાદથી ચોમાસુ પાક નિષ્ફળ જવાની ભીતિ સેવાઈ રહી છે. નવાપરા વિસ્તારમાં લોકોને સાવચેત રહેવા અને મદદ માટે એક ટીમ ખડપગે રાખવામાં આવી છે.

# અનિલ અંબાણીની કંપની પાસેથી મહારાષ્ટ્ર સરકાર ૫ એરપોર્ટ પરત લેશે

મુંબઈ,તા.૨૩

આર્થિક સંકટનો સામનો કરી રહેલા અનિલ અંબાણીની પાસેથી મહારાષ્ટ્ર સરકાર ૫ એરપોર્ટ પરત લેવાની તૈયારી કરી રહી છે. રાજ્યના નાયબ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે મહારાષ્ટ્ર વિધાનસભામાં જણાવ્યું હતું કે સરકાર ટૂંક સમયમાં અનિલ અંબાણી જૂથ પાસેથી લાતુર, ઉસ્માનાબાદ, નાંદેડ, યવતમાલ અને બારામતી એરપોર્ટ પરત લઈ શકે છે. ખરેખરમાં, વર્ષ ૨૦૦૮-૨૦૦૯માં, સરકારે અનિલ અંબાણીની રિલાયન્સ એરપોર્ટ ડેવલપર્સ લિમિટેડને એરપોર્ટની જાળવણીની જવાબદારી સોંપી હતી. જે બાકી પેમેન્ટ ચૂકવી રહી નથી. આ પાંચેય એરપોર્ટ માટે રિલાયન્સ એરપોર્ટ ડેવલપર્સ લિમિટેડે સૌથી વધુ રૂ. ૬૩ કરોડની બોલી લગાવી હતી. ફડણવીસે જણાવ્યું હતું કે રિલાયન્સ એરપોર્ટ ડેવલપર્સ લિમિટેડ પાસેથી બાકી રકમ કેવી રીતે વસૂલ કરવી તે અંગે સરકાર એટર્ની જનરલ પાસેથી કાનૂની અભિપ્રાય માંગશે.

# થોરડીના જીતેન્દ્ર કાનાણીની અસ્તર અને ફેબ્રિક શોપનું ગોરધન ઝડફિયાએ ઉદ્ઘાટન કર્યુ

અમદાવાદ, તા. ૨૩



સાવરકુંડલાના થોરડી ગામના જીતેન્દ્રભાઈ ધીરૂભાઈ કાનાણીની શ્રી ખોડલ ફેશન નામની અસ્તર અને ફેબ્રિક શોપનું અમદાવાદમાં પ્રદેશ ઉપાધ્યક્ષ ગોરધનભાઈ ઝડફિયાએ ઉદ્ઘાટન કર્યું હતું.

આ પ્રસંગે અમદાવાદના ટેબલી હનુમાન આશ્રમના પરમ પૂજ્ય રોકડીયા બાપુ, મણીનગરના ધારાસભ્ય અમુલ ભટ્ટ, સૌરાષ્ટ્ર પટેલ સમાજ નિકોલના મગનભાઈ રામાણી, ખોડિયાર મંદિર નિકોલના ટ્રસ્ટી ભીખાભાઈ બોઘાણી સહિતના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. શોપના ઉદ્ઘાટન પ્રસંગે વડાપ્રધાન મોદીનું મોટું કટ આઉટ પણ મૂકવામાં આવ્યું હતું, જે આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

# બાંગ્લાદેશમાં ભયાનક અકસ્માત, મુસાફરોની બસ તળાવમાં પડી

ઢાકા,તા.૨૩



બાંગ્લાદેશમાં એક મોટો અકસ્માત થયો હતો. અહીં એક પેસેન્જર બસ તળાવમાં પડી જવાથી ૧૭ લોકોના મોત થયા છે. તે જ સમયે, ૩૫ લોકો ઘાયલ થયા છે. મીડિયા રિપોર્ટ અનુસાર, પોલીસે જણાવ્યું કે, અકસ્માતની માહિતી મળતા તરત જ રાહત કાર્ય શરૂ કરી દેવામાં આવ્યું હતું. આ દરમિયાન ડાઈવર્સે ૧૭ મૃતદેહોને બહાર કાઢ્યા હતા. સાથે જ ક્રેન વડે બસને તળાવમાંથી બહાર કાઢવામાં આવી રહી છે. પોલીસ સબ ઈન્સ્પેક્ટર ગૌતમ કુમાર ઘોષે જણાવ્યું કે મૃતકોમાં આઠ મહિલાઓ અને ત્રણ બાળકો પણ સામેલ છે. મળતી માહિતી મુજબ, આ બસ ભંડારિયા ઉપ-જિલ્લાથી દક્ષિણ-પશ્ચિમ વિભાગીય મુખ્યાલય બરીશાલ જઈ રહી હતી જેમાં ૬૦ થી વધુ મુસાફરો હતા. આ દરમિયાન ડ્રાઈવરે બસ પરથી કાબુ ગુમાવતા બસ રોડની બાજુમાં આવેલા ઉંડા તળાવમાં પડી હતી.

# શહીદ અંશુમાન સિંહનો પાર્થિવ દેહ વાયુસેનાના વિશેષ વિમાનથી વતન પહોંચતા ગામ હિબકે ચઢ્યુ

૨૦૨૧ માં ભારતીય સેનાના મેડિકલ કોર્પ્સમાં રેજિમેન્ટલ મેડિકલ ઓફિસર કેપ્ટન તરીકે પસંદ કરવામાં આવ્યા હતા

(એ.આર.એલ),ગોરખપુર,તા.૨૩



આર્મી કેમ્પમાં લાગેલી આગમાં સાથી સૈનિકોના જીવના જોખમે સહી સલામત બહાર કાઢી લાવનાર જાબાંઝ સૈનિક પોતે શહીદ થઈ ગયા. જ્યારે તેમનો પાર્થિવ દેહ ગામમાં આવ્યો ત્યારે આખું ગામ નતમસ્તક થઈ ગયું અને હીબકે ચઢ્યું હતું. પત્નીએ શહીદ પતિના માથે ચુંબન કરીને કહ્યું કે, મને તમારા પર ગર્વ છે. આ દ્રશ્યોએ લોકોને વિહવળ કરી દીધા હતા. બુધવારે સિયાચીન ગ્લેશિયર સ્થિત આર્મી કેમ્પમાં લાગેલી આગમાં દેવરિયાના લાડકા દીકરા ગણાતા કેપ્ટન અંશુમાન સિંહ પણ શહીદ થયા હતા. તેમને ૨૦૨૧ માં ભારતીય સેનાના મેડિકલ કોર્પ્સમાં રેજિમેન્ટલ મેડિકલ ઓફિસર કેપ્ટન તરીકે પસંદ કરવામાં આવ્યા હતા. ફેબ્રુઆરી મહિનામાં જ તેમના લગ્ન થયા હતા, જ્યારે તેમની શહાદતના સમાચાર ગામમાં પહોંચ્યા તો આખું ગામ ગમગીન બની ગયું હતું. શુક્રવારે બપોરે ૧.૧૫ મિનિટે, શહીદ અંશુમાન સિંહનો પાર્થિવ દેહ વાયુસેનાના વિશેષ વિમાન દ્વારા ગોરખપુર પહોંચ્યો હતો, જ્યાં સૈન્ય સન્માન પછી આર્મી વાહનમાં દેવરિયા થઈને પૈતૃક ગામ બરદિહા દલપત પહોંચાડવામાં આવ્યો હતો.

# વેપારીને નકલી સટ્ટાબાજીની એપ્સમાં રોકાણ કરવાની લાલચ આપી ૫૮ કરોડની ઠગાઈ

(એ.આર.એલ),મુંબઈ,તા.૨૩



આપણે ત્યાં એક કહેવત છે કે, લોભિયા હોય ત્યાં ધુતારા ભૂખ્યાં ના મરે. આવી જ એક ઘટના મહારાષ્ટ્રથી સામે આવી છે. વાત જાણે એમ છે કે, મહારાષ્ટ્રના ગોંદિયામાં સ્થિત એક આંતરરાષ્ટ્રીય ક્રિકેટ બુકીએ એક વેપારીને નકલી સટ્ટાબાજીની એપ્સમાં રોકાણ કરવાની લાલચ આપી અને પછી તેની સાથે રૂ. ૫૮ કરોડની છેતરપિંડી કરી હોવાનું સામે આવ્યું છે. આ તરફ ફરિયાદ બાદ જ્યારે નાગપુર પોલીસે કાકા ચોક ખાતે આરોપીના ઘરે દરોડો પાડ્યો તો તે આશ્ચર્યચકિત થઈ ગઈ. અહીં પોલીસને ૧૭ કરોડ રૂપિયાથી વધુની રોકડ, લગભગ ૧૪ કિલો સોનું અને ૨૦૦ કિલો ચાંદી મળી આવી છે જેને જપ્ત કરવામાં આવી છે. પોલીસના દરોડા પહેલા જ આરોપી ભાગી ગયો હોઈ હાલ તપાસ ચાલુ છે. ઓનલાઈન ગેમિંગ પ્લેટફોર્મ બનાવનાર કથિત 'બુકી' અનંત ઉર્ફે સોન્ટુ નવરતન જૈન નાગપુરથી ૧૬૦ કિમી દૂર ગોંદિયા શહેરમાં રહેતો હોવાની શંકા છે.

# સાત્વિક-ચિરાગે ફરી રચ્યો ઈતિહાસ, ભારત માટે પહેલીવાર જીત્યો કોરિયન ઓપનનો ખિતાબ

(એ.આર.એલ),નવીદિલ્હી,તા.૨૩



ભારતીય બેડમિન્ટન જોડી સાત્વિક સાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીએ ઈન્ડોનેશિયાની નંબર ૧ જોડી ફજર અલ્ફિયાન અને મુહમ્મદ રિયાન આર્ડિયનોને ૧૭-૨૧, ૨૧-૧૩, ૨૧-૧૪થી હરાવી કોરિયન ઓપન ખિતાબ જીતી લીધો છે. સાત્વિક-ચિરાગની જોડીએ પહેલીવાર આ ટાઈટલ જીત્યું છે. પ્રથમ ગેમ ૧૭-૨૧ થી હાર્યા બાદ બાકીની બંને ગેમમાં ભારતીય જોડીએ શાનદાર વાપસી કરી હતી. થાઈલેન્ડ ઓપન ૨૦૧૯ અને યોનેક્સ સનરાઈઝ ઈન્ડિયા ઓપન ૨૦૨૨ અને ૨૦૨૩ જીત્યા બાદ બીડબ્લ્યુએફ વર્લ્ડ ટૂરમાં આ તેમની કારકિર્દીનું અત્યાર સુધીનું ત્રીજું સુપર ૫૦૦ ટાઈટલ છે. તેમણે અગાઉ આ વર્ષની શરૂઆતમાં સ્વિસ ઓપન ૨૦૨૩ અને ઈન્ડોનેશિયા ઓપન ૨૦૨૩ (સુપર ૧૦) જીત્યું હતુ. ભારતની આ સ્ટાર જોડીએ મોટી ટૂર્નામેન્ટની ૧૨માંથી ૯ ફાઈનલમાંથી જીત મેળવી છે અને ૩ ફાઈનલમાં હારનો સામનો કર્યો છે.

# બીજી ટેસ્ટના પ્રથમ દાવમાં કેરેબિયન ઈનિંગ્સ ૨૫૫ રનમાં સમેટાઈ, ભારતની મજબુત સ્થિતિ

પોર્ટ ઓફ સ્પેન, તા.૨૩




ભારત અને વેસ્ટઈન્ડિઝ વચ્ચે બે ટેસ્ટ મેચની શ્રેણીની બીજી ટેસ્ટના ચોથા દિવસના પહેલા સેશનમાં વેસ્ટઈન્ડિઝની ટીમ ૨૫૫ રનના સ્કોર પર ઓલઆઉટ થઈ ગઈ હતી. મોહમ્મદ સિરાજને ૫ વિકેટ મળી હતી. ભારતને ૧૮૩ રનની લીડ મળી હતી.ભારતે વન-ડે ટાઈપમાં બીજી ઈનિંગની શરૂઆત કરી અને એક વિકેટ ગુમાવીને ૯૮ રન બનાવ્યા હતા. યશસ્વી જયસ્વાલ ૩૧ રને અને શુભમન ગિલ ૧ રને અણનમ છે.ભારતને પહેલો ઝટકો કેપ્ટન રોહિત શર્માના રૂપમાં લાગ્યો હતો. રોહિત ૫૭ રન બનાવીને આઉટ થયો હતો. અગાઉ દિવસની પહેલી જ ઓવરમાં ૩૭ રન બનાવીને એલિક એથેનાઝને મુકેશ કુમારે આઉટ કર્યો હતો. આ પછી મોહમ્મદ સિરાજે છેલ્લી ૪ વિકેટ લીધી હતી. તેણે ઈનિંગ્સમાં ૫ વિકેટ ઝડપી હતી.જેસન હોલ્ડર ૧૫ રન, અલ્ઝારી જોસેફ ૪ રન, અલ્ઝારી જોસેફ અને કિમાર રોચ ૪ રન બનાવીને આઉટ થયા હતા. રવીન્દ્ર જાડેજા અને મુકેશ કુમારે ૨-૨ વિકેટ લીધી હતી.

# કચ્છમાં ૨.૭ની તીવ્રતાના ભૂકંપનો આંચકો: કેન્દ્રબિંદુ ફતેગઢમાં નોંધાયું

(એ.આર.એલ),ભુજ,તા.૨૩

રાજ્યમાં વારંવાર ભૂકંપની ઘટના બને છે. આજે બપોરે ૧.૧૯ કલાકે કચ્છમાં ૨.૭ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો અનુભવાયો છે. ભૂકંપનું કેન્દ્રબિંદુ ફતેહગઢમાં નોંધાયુ છે. જે કચ્છ થી ૧૩ કિમી દૂર આવેલુ છે. આ અગાઉ ૧૪ જુલાઈના રોજ કચ્છના ખાવડામાં ભૂકંપનો આંચકો અનુભવાયો હતો. રાત્રે કચ્છના ખાવડા




નજીક પણ ભૂકંપનો આંચકો આવ્યો હતો. કચ્છના ખાવડામાં લગભગ ૧૨.૧૬ કલાકે ખાવડા નજીક ૩.૦ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ભૂકંપનું કેન્દ્રબિંદુ ખાવડાથી લગભગ ૩૫ કિમી દૂર નોર્થ વેસ્ટ બાજુ નોંધાયુ હતું. તો આ અગાઉ ૩ જુલાઈ ૨૦૨૩ના રોજ વહેલી સવારે કચ્છમાં ભૂકંપનો આંચકો આવ્યો હતો. કચ્છ જિલ્લાના રાપર નજીક સવારે ૩ કલાકે ૩.૪ની તીવ્રતાનો ભૂકંપનો આંચકો આવ્યો હતો. જો ભૂકંપના કેન્દ્રબિંદુની વાત કરીએ તો કચ્છના રાપરથી ૨૬ કિમી વેસ્ટ નોર્થ વેસ્ટ પાસે નોધાયુ હતું. તો બીજી તરફ ૧૭ મે ૨૦૨૩ના રોજ પણ કચ્છમાં ભૂકંપના આંચકાનો અનુભવાયો હતો. કચ્છમાં મોડી રાત્રે ૪.૨ ની તીવ્રતાનો આંચકો અનુભવાયો હતો. ત્યારે આ ભૂકંપનું કેન્દ્રબિંદુ ખાવડાથી ૩૯ કિમી નોર્થ ઈસ્ટ પાસે હતું. તો આ તરફ આ અગાઉ ૧૧ એપ્રિલના રોજ કચ્છ બોર્ડર નજીક ભૂકંપનો આંચકો અનુભવાયો હતો.

# ઉકાઈ ડેમની સપાટી ૩૨૧.૦૪ પર પહોંચી, બે દિવસમાં ડેમની સપાટીમાં ૪ ફૂટનો વધારો

સુરત,તા.૨૩

મહારાષ્ટ્રના હથનુર ડેમના કેચમેન્ટમાં ભારે વરસાદી પાણી પડતા ડેમના તમામ ૪૧ દરવાજા ફૂલ ઓપન કરીને ૧.૭૫ લાખ ક્યુસેક પાણી છોડવામાં આવી રહ્યું છે. જેથી ઉકાઈ ડેમમાં હેવી ઈનફ્લો આવવાની શરૂઆત થઈ છે. ઉકાઈ ડેમમાં હાલ ૨ લાખ ક્યુસેક પાણીની આવક શરૂ થઈ છે. જ્યારે છેલ્લા બે દિવસમાં



ડેમની સપાટીમાં ૪ ફૂટનો વધારો થતા ૩૨૧.૦૪ ફૂટને પાર કરી ગઈ છે. ઉકાઈ ડેમના કેચમેન્ટમાં હવામાન વિભાગ દ્વારા ભારે વરસાદની આગાહી કરાઈ છે. હજુ પણ ઉકાઈ ડેમના ઉપરવાસમાં ભારે વરસાદ પડી રહ્યો છે. જેથી આગામી કલાકોમાં ઉકાઈ ડેમમાં હેવી ઈનફ્લો આવશે. આજે ઉકાઈ ડેમની સપાટી ૩૨૦ ફૂટને પાર કરી ૩૨૦.૫૧ ફૂટ નોંધાઈ હતી. ઉકાઈ ડેમનું રૂલ લેવલ ૩૩૩ ફૂટથી હવે સપાટી ૧૩ ફૂટ જ દૂર હોવાથી સત્તાધીશો ડેમના કેચમેન્ટમાં વરસાદ અને આવનારી પાણીની આવક પર ચાંપતી નજર રાખી રહ્યા છે.


સત્યમેવ જયતે
ગુજરાત સરકાર

પૂરની પરિસ્થિતિમાં બનીએ સભાન
**સલામત બનાવીએ આપણું જીવન**
આપત્તિ વ્યવસ્થાપન એ જ સાચી સાવચેતી

**પૂરની સ્થિતિ પહેલાં**

- અફવા ફેલાવશો નહિ, શાંત રહો, ગભરાશો નહિ
- સ્થાનિક વહિવટીતંત્રના સંપર્કમાં રહી તેમની સૂચનાઓનું પાલન કરો
- આસપાસમાં સૌથી નજીકના સલામત સ્થળે પહોંચવાનો સલામત માર્ગ જાણો
- હવામાન અને પૂરની ચેતવણીની અદ્યતન માહિતી માટે રેડિયો સાંભળો કે ટેલિવિઝન નિહાળો
- તમારા મોબાઈલ ફોનને ચાર્જ કરી રાખો
- સર્પદંશ અને ઝાડા ઉલટી માટેની વધારાની દવાઓ સાથેની પ્રાથમિક સારવાર કિટ તૈયાર રાખો
- છત્રી સાથે રાખો અને સાપ જેવા ઝેરી જીવજંતુથી બચવા લાકડીની વ્યવસ્થા રાખો
- શુધ્ધ પાણી, સુકો ખાદ્યપદાર્થ, મીણબત્તી/દીવાસળીની પેટીઓ, કેરોસીન, ફાનસ, મજબૂત દોરડાં, હાથબત્તી, વધારાના બેટરી સેલ હાથવગા રાખો
- પશુઓના બચાવ માટે તેમને ખુંટાથી છૂટા રાખો

**સ્થળાંતર કરવાનું થાય ત્યારે:**

- લોકો અને પશુઓ સલામત આશ્રય લઈ શકે તેવા ઊંચા સ્થળે સ્થળાંતર કરો
- ઘરને તાળું મારી બંધ કરો અને દર્શાવેલા માર્ગે સલામત સ્થાને પહોંચો
- પૂરના પાણી ગટર દ્વારા ઘરમાં ન ઘૂસે તે માટે રેતીની કોથળીઓ મૂકી ગટરો બંધ રાખો
- કપડાં, જરૂરી દવાઓ, કિમતી ચીજ વસ્તુઓ, અંગત દસ્તાવજો વગેરેને વોટરપ્રુફ પેકીંગમાં બાંધી સાથે રાખો
- ફર્નિચર, ઘર ઉપયોગી સાધનો વગેરેને પલંગ કે ટેબલ ઉપર ઊંચે મૂકી રાખો
- ઘર છોડતા પહેલાં વીજ પુરવઠો અને ગેસ સિલિન્ડર બંધ કરો
- અજાણ્યા અને ઊંડા પાણીમાં ઉતરવાનું ટાળો

**પૂર દરમિયાન**

- ગટર અને પાણીના નિકાલ માર્ગોથી દૂર રહો
- વીજ કરંટથી બચવા વીજળીના થાંભલા અને જમીન પર પડેલાં વીજ વાયરોથી દૂર રહો
- ઉકાળેલું જ પાણી પીવો અથવા પાણીને જંતુમુક્ત કરી પીવો
- આસપાસની જગ્યાને જંતુમુક્ત રાખવા ચૂનો અને બ્લિચીંગ પાવડરનો છંટકાવ કરો
- બાળકોને ભૂખ્યાં ના રાખો
- તાજો રાંધેલો અને સૂકો ખોરાક ખાવ, ખોરાકને ઢાંકીને રાખો

**પૂર બાદ**

- સ્થાનિક સત્તાધીશો અને આકસ્મિક સેવાઓ સાથે જોડાયેલાં કાર્યકરોની સલાહ ધ્યાનથી સાંભળી પાલન કરો
- આકસ્મિક સમયે રાહત અને બચાવ માટે અહીં દર્શાવેલા આપાતકાલિન કંટ્રોલરૂમના ટેલિફોન નંબર ઉપર જાણ કરો
- બાળકોને પૂરના પાણીમાં કે પૂરના પાણીની નજીક જવા દેશો નહીં
- તૂટેલાં વીજ થાંભલાઓ, ક્ષતિગ્રસ્ત પુલ-નાળાં, તૂટેલાં કાચ ધારદાર ચીજવસ્તુઓ અને ભંગારથી સાવચેત રહો
- ક્ષતિગ્રસ્ત વીજ ઉપકરણોનો ઉપયોગ ટાળો, ઈલેક્ટ્રિશીયન પાસે ચેક કરાવ્યા બાદ જ આવા ઉપકરણોનો ઉપયોગ કરો
- પૂરના પાણીથી પલળેલો ખોરાક આરોગો નહિ
- મેલેરિયાથી બચવા માટે મચ્છરદાનીનો ઉપયોગ કરો

**આપાતકાલિન સંપર્ક (લેન્ડલાઈન ફોન માટે)* જિલ્લા કંટ્રોલરૂમ - ૧૦૭૭ / રાજ્ય કંટ્રોલરૂમ - ૧૦૭૦**

***મોબાઇલથી સંપર્ક કરવા માટે ડિસ્ટ્રીક્ટ કોડ જોડવો**



**અદ્યતન અને વિશ્વસનીય માહિતી નીચેના સોશિયલ મીડિયા હેન્ડલ્સ પરથી મળી શકશે**

@infogujarat | gujaratinformation.official | gujarat.information

**જવાબદાર બનો**
તમારી અને તમારા આસપાસના લોકોની સુરક્ષા સુનિશ્ચિત કરો.

**વહીવટી તંત્રને સહકાર આપો**
જેથી ભેગા મળી વહેલી તકે સમસ્યાઓનું સમાધાન થઈ શકે.


# અમદાવાદમાં વરસાદ બાદ હજુ પણ અનેક વિસ્તારોમાં પાણી ઓસર્યા નથી

(એ.આર.એલ),અમદાવાદ,તા.૨૩

રાજ્યમાં છેલ્લા કેટલાક દિવસથી મેઘરાજા મન મૂકીને વરસી રહ્યા છે. ત્યારે શનિવારે અમદાવાદમાં પણ ધોધમાર વરસાદ વરસ્યો હતો. જેના કારણે શહેર બેટમાં ફેરવાયું હતું. સોસાયટીઓમાં, મકાનમાં, દુકાનોમાં પાણી ભરાયા છે. વરસાદ બંધ થયાના ૧૨ કલાક થયા હોવા છતાં પણ કેટલાક વિસ્તારોમાં વરસાદી પાણી




ઓસર્યા નથી. જેના કારણે શનિવારે પડેલો વરસાદ અમદાવાદવાસીઓ માટે હાલાકીનો વરસાદ બની રહ્યો છે. શનિવારે પડેલા ધોધમાર વરસાદના કારણે ઠેર ઠેર પાણી ભરાતા પાણીમાં વાહનો ફસાયા હતા. વરસાદના કારણે શહેરમાં અનેક રસ્તા ધોવાયા છે.

# મણિપુર ઘટનાને લઈ આદિવાસીઓ દ્વારા અપાયેલ બંધમાં બોડેલી, પાવી અને જેતપુર સંપૂર્ણ બંધ, જ્યારે છોટાઉદેપુર, ક્વાંટ આંશિક બંધ

છોટાઉદેપુર,તા.૨૩

છોટાઉદેપુર જિલ્લાના આદિવાસી સંગઠનો દ્વારા જિલ્લા બંધનું એલાન આપવામાં આવ્યું હતું. મણિપુરમાં આદિવાસી મહિલાઓને નિર્વસ્ત્ર કરીને પરેડ કરાવતા, મધ્યપ્રદેશમાં થયેલા મૂત્રકાંડ અને છોટાઉદેપુર જિલ્લાના આદિવાસીઓ ઉપર સૌરાષ્ટ્રમાં થયેલા અત્યાચારના વિરોધમાં આજરોજ જિલ્લા બંધનું એલાન કરવામાં આવ્યું હતું. જેને મિશ્ર પ્રતિસાદ મળ્યો છે.

છોટાઉદેપુર જિલ્લા મથક ખાતે બજારો ખુલ્લા રહેતા આદિવાસી આગેવાનો દ્વારા બંધ કરાવવા જતાં સંગ્રામસિંહ રાઠવા અને અર્જુન



રાઠવા સહિતના આગેવાનોની અટકાયત કરી લેવામાં આવી હતી. છોટાઉદેપુરની બજારો અડધી ખુલ્લી જોવા મળી હતી. જ્યારે ક્વાંટમાં પણ બજાર અડધી ખુલ્લી અને અડધી બંધ જોવા મળી હતી.

# ઉપરવાસમાં ધોધમાર વરસાદના કારણે આજી નદી બે કાંઠે

(એ.આર.એલ),રાજકોટ,તા.૨૩

રાજકોટમાં ધોધમાર વરસાદ પડ્યો હતો. જેના કારણે અનેક વિસ્તારોમાં પાણી ભરાયા હતા. તો બીજી તરફ ઉપરવાસમાં પડેલા ભારે વરસાદના કારણે આજી નદી બે કાંઠે વહી રહી છે. જેના કારણે નદીમાં બીજી વખત ઘોડાપૂર આવ્યું છે. આજી નદીમાં પૂર આવતાં રામનાથ મહાદેવ મંદિરની દિવાલ પાસે એક વ્યક્તિ ફસાયો હતો. જેને સ્થાનિકોએ રેસ્ક્યુ કરી બચાવી લીધો હતો. ખોખડદર સહિતના ગામડાઓમાં ધોધમાર વરસાદ વરસ્યો છે. તો કર્ણકી ડેમ સંપૂર્ણ ભરાઇ જતા ડેમના ૭ દરવાજા ૧ ફૂટ ખોલવામાં આવ્યા હતા.





**નિલકંઠ જ્વેલર્સ**
(લાઠીવાળા)
અમરેલી - ૩૬૫ ૬૦૧
ફોન નં : (૦૨૭૯૨) ૨૨૩૫૫૭ / ૨૩૦૫૫૭

સોનાના ૨૨ કેરેટ હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે
**70 9696 0000**
મીસડકોલ કરો અને SMS થી ભાવ જાણો.
તેમજ Whatsapp DP માં ભાવ જુઓ.